૪૦૯૭

મહારાજા હરિશ્ચંદ્ર.

રચનાર,

ફૂ. ગો. દેવાશ્રયી.

महाराजा हरिश्चन्द्र.

(સંસ્કૃત ગ્રંથને આધારે)

રચનાર,

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી.

અમદાવાદ:

યૂનિયન પ્રિન્ટીંગ પ્રેસ.

સન ૧૮૮૯.

રજીસ્ટર કરાવી સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

સકલ શુભગુણસંપન્ન દિવાનબહાદુર,

શ્રીમાન્ મણિભાઈ જશભાઈ.

નાયબ દિવાન, શ્રીમંત ગાયકવાડ સરકાર.

મહાશય !

આપ સદ્વિદ્વાન્ અને વિદ્યા-વિલાસિ છો; વિદ્યાના પ્રશસ્ત સાધનોની અભિવૃદ્ધિને, તન, મન અને ધનના વ્યયથી ઈચ્છો છો; સ્વદેશ સર્વ પ્રકારે ઉચ્ચ સ્થિતિને પામેલો જોવા ઉત્સુક છો; નિરાભિમાનથી, વિશેષ ઉચ્ચપદે છતાં સમ દૃષ્ટિવાળા છો; વિદ્વાનોને યથાઘટિત આશ્રય આપો છો; એ આદિ સર્વ શુભ ગુણ ગણની પ્રશસ્તિ, અંતઃકરણને ઉત્પુલક કરી, આ લઘુ પુસ્તકના ઉત્સર્ગ સારૂ આપને જ યોગ્ય અધિકારી ગણે છે તેથી અંતઃકરણના એ શુભ ભાવને પરિપૂર્ણ કરી આનંદ માનું છું.

આજ્ઞાંકિત થવા મને માન છે,

મહાશય !

કૃ. ગો. દેવાશ્રયી.

૪૦૯૭

महाराजा हरिश्चन्द्र.

પ્રકરણ ૧ લું.

સૂર્યવંશની ઉત્પત્તિ,—સત્યવ્રત રાજાને તેના પિતાએ દિધેલો દેશવટો,—બાર વર્ષનો ભારે દુકાળ,—એ દુકાળમાં વિશ્વામિત્રની સ્ત્રીનું સત્યવ્રતે કરેલું રક્ષણ,—રક્ષણ કરતાં વસિષ્ટે દિધેલો શાપ,—શાપનો પરિહાર,—સત્યવ્રતને રાજ્યગાદી મળવી,—સદેહે સ્વર્ગે જવા માટે ચાંડાલપણાનો મળેલો શાપ.—વિશ્વામિત્રનું યજ્ઞ કરાવીને સત્યવ્રતને સદેહે સ્વર્ગે મોકલવું,—સ્વર્ગમાંથી પાછા પડવું,—કોપથી વિશ્વામિત્રનું નવી સૃષ્ટિનું રચવું,—છેવટે આજીજી કરીને ઇંદ્રનું સત્યવ્રતને સ્વર્ગે લઈ જવું,—હરિશ્ચંદ્રનું વરૂણને છેતરવું,—વિશ્વામિત્રને હરિશ્ચંદ્રપર ખોટું લાગવાનું કારણ, ઈ૦

મહારાજા હરિશ્ચંદ્રની કથા કથતાં પ્હેલાં પ્રથમ તેમનો સૂર્યવંશ, કયે પ્રકારે ઉત્પત્તિને પામ્યો તે લખવું જરૂરનું જણાય છે, તેથી અત્રે કેટલીક સાર રૂપ હકીકત આપવી ઠીક જણાય છે.

વિષ્ણુની નાભિમાંથી બ્રહ્માએ જન્મ લીધો. તેમને ચાર મુખ હતાં. સૃષ્ટિરચનાને માટે માયાનું સ્મરણ કરી બિજા, મરીચિ, અંગિરા, વસિષ્ટ, ક્રતુ, અત્રિ, પુલ-

સ્ત્ય અને પુલહ એ નામના સાત પુત્ર ઉત્પન્ન કર્યા. તેમજ રૂદ્ર, નારદ, દક્ષ પ્રજાપતિ અને બિજા સનક વિગેરે પુત્ર પણ થયા. અને દક્ષપ્રજાપતિ માટે વીરિણીનામક સ્ત્રીને ઉત્પન્ન કરી. મરીચિ નામના પુત્રે સૃષ્ટિ રચવા ઘણો પ્રયાસ કર્યો. તેનાથી તેને કશ્યપ નામનો પુત્ર થયો. દક્ષપ્રજાપતિયે પોતાની ૧૩ દિકરીઓ કશ્યપને પરણાવી હતી. કશ્યપથી પૃથિવીમાંની સર્વ વસ્તુઓ ઉત્પન્ન થઇ તેથી તે ઘણો પ્રખ્યાત થયો, અને કશ્યપી સૃષ્ટિ એવું નામ પડયું. દેવ, દૈત્ય, નાદ, યક્ષ, ગંધર્વ, અને પશુ એ સર્વે કશ્યપથીજ થયા હતા. દેવમાં વિવસ્વાન્ નામનો સૂર્ય પ્રસિદ્ધ હતો. તેનાથી વૈવસ્વત મનુ ઉત્પન્ન થયો. આમ સૂર્યમાંથી જેની ઉત્પત્તિ થઈ તે સૂર્યવંશી કહેવાયા. વૈવસ્વત મનુથી ઈક્ષ્વાકુ પુત્ર થયો. મનુને બિજા પણ નવ પુત્રો થયા હતા. ઈક્ષ્વાકુને સો પુત્ર થયા. તેમાં મોટા પુત્રનું નામ વિકુક્ષિ હતું. આગળ જતાં વિકુક્ષિનું બીજું નામ શશાદ પડયું. મનુનો પુત્ર નભાગ હતો. તેનો પુત્ર અંબરીષ થયો. મનુનો બિજો પુત્ર ધૃષ્ટ હતો. તેને ધાર્ષ્ટક નામે પુત્ર થયો. તેનાથી બ્રહ્મક્ષત્રિની ઉત્પત્તી થઈ; કારણ કે તે યુદ્ધ કરવામાં બીકણ પણું અને આચરણ બ્રાહ્મણ જેવું પાળતા હતા. મનુના પુત્ર શર્યાતિને આનર્ત્ત પુત્ર અને સુકન્યા પુત્રિ થયાં. સુ-

કન્યા ચ્યવનઋષિને પરણાવી હતી. તે ઋષિ આંખે અ-પંગ [1]હતા. તેમને અશ્વિનિકુમારોએ સારા કર્યા હતા. શર્યાતિ રાજાને ચાર હજાર રાણિયો હતી. આનર્ત્તથી રેવત નામનો પુત્ર થયો. આ પુત્ર દ્વારકામાં રહેતો હતો. અને આનર્ત્ત દેશમાં રાજ્યસત્તા ભોગવતો હતો. રેવત રાજાને સો પુત્રો અને એક રેવતી નામક કન્યા હતાં. રેવત રાજાએ વર શોધ્યો, પણ લાયક વર મળ્યો નહિં તે-થી તે બ્રહ્મા પાસે સદેહે પુત્રી સહિત બ્રહ્મલોકમાં ગયો. બ્રહ્માએ કૃષ્ણના ભાઈ બળદેવજીની સાથે એ પુત્રીનો

---

૧ એક દિવસ સુકન્યા અને રાણીઓ સહિત નગર બ-હાર એક તળાવ હતું ત્યાં રાજા વિહાર માટે ગયો હતો. કરી ઘણી લાડવાઈ હતી. તે આપણા બાળકો જેમ ર-મે છે તેમ ત્યાં રમતી હતી. ત્યાં આગળ ચ્યવનમુનિ ઘણા કાળ ઉપર તપ કરવા બેઠા હતા. કાળે કરીને તેમના ઉપર માટીનું પડ ફરીવળ્યું હતું પણ શ્વાસોશ્વાસ લેવા આંખ આગળ બે બાકાં રહ્યાં હતાં. તેમાથી સુકન્યાએ આંખોને તેજના ગોળાના રૂપમાં જોઈ. તેથી તે શું છે તે જાણવા માટે એક શળીથી એ બાકામાં જોવા લાગી. શળી, ચ્ય-વનઋષિના આંખમાં વાગવાથી તે આંધળા થયા. ને કંઈ સાદ થયો. આ વાત કન્યાએ પિતાને કહિ. પિતાએ ઋષિ પાસે ક્ષમા કરવા કહ્યું. અને ઋષિએ કહ્યું કે, હવે મારી ચાકરી કોણ કરશે? ત્યારે રાજાએ તે કન્યા તેમને પરણાવી.

વિવાહ કરવા કહ્યું. કન્યાને પરણાવ્યા પછી તે સ્વર્ગે ગ-યો. શશાદને કકુસ્ત્થ નામનો પુત્ર થયો. તેના બિજાં, ઇંદ્ર-વાહ અને પુરંજય એવાં બે નામ હતાં. કકુસ્ત્થને અનેના નામક પ્રખ્યાત પુત્ર થયો. તેનો પુત્ર પૃથુ થયો. પૃથુ-નો ચંદ્ર નામે પુત્ર થયો. અહિંથી ચંદ્રવંશ ચાલ્યો. ચં-દ્રનો યુવનાશ્વ નામે પુત્ર થયો. યુવનાશ્વનો શાવંત પુત્ર થયો. તેણે પોતાના નામ ઉપર શાવંતીનામક નગર વ-સાવ્યું. શાવંતથી બૃહદશ્વ, બૃહદશ્વથી કુવલયાશ્વ, કુવલયાશ્વથી દૃઢાશ્વ, દૃઢાશ્વથી હર્યશ્વ, હર્યશ્વથી નિકું-ભ, નિકુંભથી બર્હણાશ્વ, બર્હણાશ્વથી કૃશાશ્વ, કૃશા-શ્વથી બહુ બળવાળો અને પરાક્રમી પ્રસેનજિત, ? નજિતથી યૌવનાશ્વ, યૌવનાશ્વથી માંધાતા[1], માં

1 યૌવનાશ્વ રાજાને સો રાણીઓ હતી. તેમાંથી કોઈને પણ સંતાન નહોતું. તેથી તે ઘણો દિલગીર થયો. પુત્ર પ્રાપ્તી માટે તે વનમાં તપ કરવા ગયો, અને ઋષિયોની ભક્તિ કરી. તે આશ્રમમાંના બ્રાહ્મણોને દયા આવી. તેથી રાજાને માટે એક કળશમાં મંત્ર ભણીને મંત્રિત કરેલું જળ ભરી તેની સ્થાપના કરી હતી. રાત્રે રાજાને તરશ લાગવાથી તે પાણી રાજા પી ગયો. એ પાણી રાણીને પીવા માટે બ્રાહ્મણોએ તૈયાર કર્યું હતું. પણ ભૂલથી અને તરસથી રાજાએ તે પાણી પીધું તેથી રાજાને પેટ પુત્ર ગર્ભ રહ્યો. પૂર્ણમાસે જમણી કુખમાંથી

તાથી પુરૂકુત્સ અને મુચુકુંદ નામે બે પુત્ર થયા. પુરૂકુત્સથી અનરણ્ય, અનરણ્યથી બૃહદશ્વ, બૃહદશ્વથી હર્યશ્વ, હર્યશ્વનો ત્રિધન્વા, ત્રિધન્વાનો અરૂણ, અરૂણનો સત્યવ્રત. આ પુત્ર સારો નિવડ્યો નહિં તેથી તેના પિતાએ એને દેશવટો દિધો. આ સમયે મોંટો દુકાળ પડ્યો. અરૂણ રાજા તપ માટે વનમાં ગયો. બાર વર્ષ સુધી દુકાળ રહ્યો. આ વખતે ઘણાખરા લોકો અને મુનિયો તપ જ કરવામાં પોતાનું જીવન સમજતા હતા. વિશ્વામિત્ર મુનિ કે જેમને ભવિષ્યમાં હરિશ્ચંદ રાજા ...થે વૈર થાયછે તે પણ પોતાની સ્ત્રીને મુકી કૌ-...કી નદીની તીરે તપ કરવા ગયા હતા. દુકાળને લીધે ...કો દુ;ખી થવા લાગ્યા ને વિશ્વામિત્રની સ્ત્રીને પોતા...ા પોષણ માટે ઘણું દુઃખ પડ્યું. વિશ્વામિત્ર તપ કરવા ગયેલા તેથી તેની સ્ત્રી અને બાળક નિરાધાર હતાં. બાળકો ભૂખથી ઘણાં રડવા લાગ્યાં. છેવટે કોઈ સારે ઘેર પોતાના પુત્રને વેચી દેવાને ઈરાદે વિશ્વામિત્રની સ્ત્રી ગામ તરફ જવા નિકળી. તેને અરૂણનો પુત્ર સત્યવ્રત કે જેને પિતાએ દુરાચાર કરવાને લીધે દેશવટો

રાજાને કંઈપણ હરકત ન થાય તેવી રીત્યે વૈદ્યોએ કાઢયો. એનું નામ માંધાતા પાડવામાં આવ્યું. એ પ્રશસ્ત સાર્વભૌમ રાજ્યપદ પામ્યો હતો, અને સંપૂર્ણ સત્યવાદી હતો.

દિધો છે તે મળ્યો. તેના પૂછવાથી વિશ્વામિત્રની સ્ત્રીએ સઘળી હકીકત કૃહિ. તે સાંભળી દયા આવવાથી તેણે તેમનું ઉદરપોષણ માથે લીધું, અને ઋષિપત્નીના નિ- શ્ચયનો ત્યાગ કરાવ્યો. નિત્ય સત્યવ્રત, વચન પ્રમાણે ઉદરપોષણ જેટલો વિશ્વામિત્રને આશ્રમે તેમની સ્ત્રી તથા બાળકો માટે (માંસ) આહાર મોકલતો હતો. સ્ત્રી પુત્ર ખુશીમાં કાળ નિર્ગમન કરતાં હતાં. આ વખતે રાજા તપ માટે ગયેલો હોવાથી રાજ્યકારભાર વસિષ્ટ મુનિને રાજાએ સોંપેલો હતો. રાજાના સલાહકાર વ- સિષ્ટ હોવાથી તેમણે જ પોતાને દેશવટો ભોગવવાની સજા કરાવરાવી હશે એ સંશયથી તેના મનમાં વરિ. ઉપર ઘણો દ્વેશ હતો.

બાર વર્ષ સુધી અનાવૃષ્ટિને લીધે વનમાના મૃગ વિગરે પ્રાણીઓ પણ મનુષ્યના આહારથી ખુટી પડ્યાં. સત્ય- વ્રતને, એક દિવસ વચન પ્રમાણે વિશ્વામિત્રની સ્ત્રીને ખાવાનું મોકલી નૃહિં શકાય એમ જણાયાથી વસિષ્ટની ગાય રખડતી વનમાં જોઇ, એ ગાયને પોતાના વચનને સત્ય કરવા માટે સત્યવ્રત રાજાએ મારી નાંખી, અને તેનો આહાર ઋષિપત્નીને મોકલ્યો.

એ વાત વસિષ્ટના જાણુવામાં આવવાથી સત્યવ્રતને શાપ દિધો કે, "હે દુષ્ટ, ત્હારા માથામાં ત્રણ શીંગડા

જેવા ખીલા ઉગશે અને આજથી તું ત્રિશંકુ એ નામથી પૃથ્વીમાં ઓળખાઈશ." વસિષ્ટે સત્યવ્રતને શાપ દિધો છે એ વાત વિશ્વામિત્રની સ્ત્રીના જાણવામાં આવી. ઘણા વખત સુધી તેજ વનમાં ઘણું તપ કરીને તે બહુ કષ્ટ વેઠવા લાગ્યો. "પુણ્યે પાપ પાછું ઠેલાય." એ કહેવત પ્રમાણે પાપનો ક્ષય થવાથી સત્યવ્રત ઠીક થયો.

અરૂણ રાજા તપ કરીને નગરમાં આવ્યો. અને છેવટે પોતાના પુત્રને બોલાવી રાજ્યાભિશેક કર્યો. અને પોતે ફરી પાછો તપ કરવા જતો રહ્યો. ઘણા દિવસ રાજ્યપદ ભોગવ્યા પછી સત્યવ્રત રાજાને સદેહે સ્વર્ગે જવાનું મન થયું. તેથી તે પોતાના ગોર, પોતાના પુત્ર હરિશ્ચંદ્રને રાજપાટ સોંપી, વસિષ્ટ પાસે ગયો.

સત્યવ્રતઃ—"મહા મુનિ, મ્હારે સદેહે સ્વર્ગે જવું છે માટે યજ્ઞ કરાવો."

વસિષ્ટઃ—"મનુષ્ય દેહથી સ્વર્ગમાં જવું ઘણું દુર્લભ છે. માટે તેમ બનવું અશક્યછે. આવી દુર્લભ વાત મુકીદે."

સત્યવ્રતઃ—(દિલગીરીથી) જો તમે મને જાણી જોઈ યજ્ઞ ન કરાવતા હોવ તો તે કહો. જો તમે નહિં કરાવો તો હું બિજા પાસે યજ્ઞ કરાવીશ."

વસિષ્ટઃ—(પ્રથમ પોતાની ગાય મારી નાંખી હતી તે વાત અત્યારે પોતાને યાદ આવી તેથી)—હે દુષ્ટ! તું

દુર્લભ મનોરથ કરેછે માટે તું ચાંડાલ થઈ જા. હવે તને કદીપણ સ્વર્ગ મળશે નહિં." **સત્યવ્રત** તુરત જ ચાંડાળપણાને પામ્યો. આ હકીકત પોતાના પુત્ર **હરિશ્ચંદ્રે** જાણી. તે પણ ઘણો દિલગીર થયો. વાચક! આટલું છતાં પણ પોતાના વચન પ્રમાણે ઋષિપત્નીને **સત્યવ્રત** ખાવાનું મોકલવું ભુલી જતો નહોતો.

વિશ્વામિત્ર મુનિ, તપ પૂરૂં થવાથી પોતાની સ્ત્રી અને બાળકનું "અનાવૃષ્ટિથી શું થયું હશે, તેઓ જીવતાં હશે કે મરી ગયાં હશે" એવા વિચારો કરતા પોતાના આશ્રમ તરફ આવ્યા. ત્યારે પોતાની સ્ત્રી અને પુત્રને કુશળ જોઈ **વિશ્વામિત્ર** ઘણા ખુશી થયા. ઋષિપત્નીએ સઘળી હકીકત કહિ અને એ રાત્રી આનંદમાં ગાળી. રાજાએ પોતાની સ્ત્રીનું ઘણું દુઃખ વેઠી પોષણ કર્યું માટે ઋષિ ઘણા પ્રસન્ન થયા.

વિશ્વામિત્ર એક દિવસ વનમાં ફરતા હતા ત્યાં **સત્યવ્રત** રાજા અકસ્માત્ મળ્યો. **રાજાએ પ્રણામ કર્યો. વિશ્વામિત્ર કે જે પોતાની સ્ત્રીના કેહેવાથી સર્વ જાણતા હતા તેમણે રાજાને કહ્યું કે, "હું તને સદેહે, યજ્ઞ કરાવી સ્વર્ગમાં મોકલું છું માટે ચાલ્ય યજ્ઞસામગ્રી કરવ્" તે સાંભળી રાજાએ યજ્ઞસામગ્રા કરાવી. શુભ દિવસે યજ્ઞ આરંભ્યો. અને બિજા મુનિયોને તેડ્યા. વસિષ્ટના શા-**

પથી શાપિત થયેલો ત્રિશંકુરાજા યજ્ઞ કરેછે જાણી કોઇપણ મુનિ, યજ્ઞમાં આવ્યા નહિં તેથી વિશ્વામિત્રને ઘણો ક્રોધ ચઢયો. ધાર્યું કે, વિસિષ્ટેજ કોઇને આવવા દિધા નહિં.

વિશ્વામિત્ર—"રાજા, આ યજ્ઞમાં કોઈ આવ્યું નહિં તેથી બિહિશ નહિં. હું તને મારા તપોબળથી સદેહે સ્વર્ગમાં મોકલું છું."

પછી વિશ્વામિત્રે પોતાના તપનું બલ આપીને રાજાને સદેહે સ્વર્ગમાં મોકલ્યો. રાજા પવનની ગતિ પ્રમાણે સ્વર્ગમાં ગયો. "ચાંડાલ દેહમાં કોઇ અહિં આવે ." એવું કોઈએ ઇંદ્રને જાહેર કર્યું. ઇંદ્રે તેને ચાંડાલ રૂપમાં જોઈ પૃથ્વી પર પાછો નાંખ્યો. ખરતા તારાનીપેઠે પૃથ્વી ઉપર વેગથી આવતાં આવતાં તે રાજા વિશ્વામિત્રને ચીસો પાડીને કહેવા લાગ્યો કે, "હે મુનિ મ્હારૂં રક્ષણ કરો" તે સાંભળી વિશ્વામિત્રે તપોબળ આપીને ત્યાં જ ઉભો રાખ્યો.

વિશ્વામિત્રને ક્રોધ ચઢયો, તેથી તેમણે નવી સૃષ્ટિ રચવા માંડી. અને બિજી જ સૃષ્ટિ રચીને તેના સ્વર્ગ લોકમાં ત્રિશંકુને મોકલવાનો મનમાં ઠરાવ કર્યો. નવી સૃષ્ટિરચના માટે આરંભ કરવા જ્યાં જલાંજલી લીધી કે, ઇંદ્રે આવીને અતિ નમ્ર ભાવથી વાર્યા. અને કહ્યું કે—

"ક્ષમા કરો," વિશ્વામિત્ર ક્હેછે—"ત્યારે, ત્રિશંકુ રાજાને સ્વર્ગમાં લઈ જાઓ" ઇંદ્રે એ વાત કબૂલ કરી. ત્રિશંકુ સદેહે સ્વર્ગે ગયો. હરિશ્ચંદ્રરાજા, વિશ્વમિત્રના તપોબળથી પોતાનો પિતા સદેહે સ્વર્ગે ગયો જાણી ઘણો હરખાયો.

હરિશ્ચંદ્ર રાજાએ સુખમાં ઘણા વખત સુધી રાજ્ય કર્યુ. સંતાન ન હોવાથી વરૂણ દેવની ઉપાસના માટે પોતે તપ કરવા વનમાં ગયો.

વરૂણ–(પ્રસન્ન થઇને) "હે રાજા, તારી મનકામના સફલ થાય તો તું ત્હારા પુત્રથી મને પ્રસન્ન કરવા નરમેધ યજ્ઞ કરીશ ?"

હરિશ્ચંદ્ર–"મહારાજ, સંતાન થાય તે પછી કદી એ યજ્ઞ કરૂં તો મને કંઈ દુઃખ નથી ફ્કત હું સંતાન વિનાનો છું, એ અપવાદ મારે ટાળવો છે. તે સાંભળી વરૂણની કૃપાથી હરિશ્ચંદ્ર, પુત્ર વાળો થયો. એટલે વરૂણ દેવ નરમેધ યજ્ઞ કરવાનું ક્હેવા રાજા પાસે આવ્યા. રાજાએ "હજુ પુત્રને જન્મે દશ દિવશ પણ થયા નથી અને ત્યાં સુધી શુદ્ધ પણ નથી માટે હમણા માફ કરો પછીથી કરીશ" એમ ક્હિ પાછા મોકલ્યા. દશ દિવશ થયા પછી આવ્યા ત્યારે, "જનોઇ દિધી નથી, ભણાવ્યો નથી" એમ કહિ બિજી વાર પાછા મોકલ્યા. છેવટે એક

વાયદો કર્યો. તે વાયદા પર વરૂણ આવ્યા. પુત્રના જાણ-વામાં આ વાત આવવાથી તે "મને પિતા મારી નાં-ખશે" એવા ભયથી નાશી ગયો. ત્યારે રાજાએ વરૂણ દેવને કહ્યું કે, "હું યજ્ઞ કરવા તૈયાર છું પણ મારો પુત્ર ભયથી કયાં નાશી ગયો છે તેનો ઘણા માણસો ખોળવા મોકલ્યા છતાં પત્તો નથી માટે હું શું કરૂં ? હવે આપ જેમ કહો તેમ કરૂં ?" આ સાંભળી વરૂણદેવ પોતાને છેતરે છે જાણી "જા, તને જલોદરનો રોગ થશે" એમ કહિ જતા રહ્યા.

રાજા, એ રોગથી ઘણા દિવશ પીડાયો. પુત્રના જા-ણવામાં એ વાત આવી. પિતાને રોગથી છોડાવવા માટે જવાની તેને શિખામણ મળી પણ ઇંદ્રે તેમ કરતાં, ઘણો બોધ દેઇ વાર્યો, તેથી તે ગયો નહિં.

રાજાએ વસિષ્ટ મુનિની સલાહ લીધી ત્યારે 'કોઈ વેચાતો છોકરો લઇ નરમેધ કરો તો પણ ચાલે' એમ કહ્યું. તેથી તેમ કરવા વિચાર કર્યો. ગરીબ બ્રાહ્મણના એક છોકરાને તેના પિતાને સો ગાયો આપીને વેચાતો લીધો. નરમેધ યજ્ઞનો આરંભ થયો. એ છોકરાને પશુ પ્રમાણે યજ્ઞસ્થળમાં બાંધ્યો. તે છોકરાએ જાણ્યું કે, આ યજ્ઞ કુંડમાં મને કડકા કરી નાંખશે. તેથી ઘણીજ ચીસો પાડીને રડવા લાગ્યો. તેનું દયા ઉપજાવે તેવું રડવું સાંભ-

ળીને તેને મારવા માટે જે માણસ મુકરર કર્યો હતો તેણે મારવા માટે ના કૂહિ. તેથી તેનો પિતા કે જે પાસે હતો તેણે "વધારે ગાયો આપશો તો હુંજ એને મારીશ" એવું કહ્યું. તેથી રાજાએ તેમ કરવાનો હુકમ કર્યો. વિશ્વામિત્રે દયાભાવથી રાજાને કહ્યું કે, "આ છોકરાને મુકી દે. તારો યજ્ઞ પૂર્ણ થશે." ત્યારે રાજાએ માન્યુ નહિં તેથી તે, તે વખતે કંઈપણ બોલ્યા નહિં પરંતુ છોકરા પાસે આવી વરૂણ પ્રસન્ન કરવાનો તેને એક મંત્ર શિખવ્યો અને કહ્યું કે, "તું આ મંત્રનો પાઠ કરજે." છોકરાએ તે પ્રમાણે કર્યું. એટલે વરૂણદેવે પ્રત્યક્ષ દર્શન દિધાં.

રાજા વરૂણદેવને જોઈ પગે લાગ્યો. વરૂણદેવ કૂહે છે કે, "હે રાજા, આ છોકરો મારી સ્તુતિ કરેછે માટે એને મુકી દે. તારો યજ્ઞ પૂર્ણ થયો. હવે તારો રોગ મટી જશે." રાજા રોગથી મુક્ત થયો. આ વાત પોતાના પુત્રના જાણુવામાં આવવાથી તે પણુ ઘેર આવ્યો. હરિશ્ચંદ્રે વિશ્વામિત્રનું કૂહેવું ન માન્યું. તેથી તેમને ઘણું ખોટું લાગ્યું અને ઋષિના મનમાં ખોટી અસરે ઘર કર્યું.

પ્રકરણ ૨ જું.

રાજસૂયયજ્ઞ,—વિશ્વામિત્ર અને વસિષ્ઠનો ઇંદ્રલોકમાં હરિશ્ચંદ્રના સત્ય માટે સંવાદ,—હરિશ્ચંદ્રની રૈયતને દુષ્ટ પ્રાણીયોથી પડેલું દુઃખ,—એ પ્રાણીયો હાંકી મુકવા જતાં વનમાં ભુલા પડવું,—ત્યાં એક બ્રાહ્મણનું મળવું,—તેને દાન આપવાનું વચન,–રાજ્યનું દાન–દક્ષિણાનું આપવું,–રાજાનું વનમાં જવું,—એક મહિનાની મુદત.

મહારાજા હરિશ્ચંદ્રે [1]રાજસૂય નામનો મ્હોટો યજ્ઞ કરવા ધાર્યો. [2]વસિષ્ટ મુનિને બોલાવીને તેમની સલાહ પ્રમાણે યજ્ઞ કરવાની સર્વ સામગ્રી તૈયાર કરાવી. એ યજ્ઞમાં તેમને હોતા[3] કર્યા. વિધિ પ્રમાણે યજ્ઞ પૂર્ણ થયો. નિર્વિઘ્ને યજ્ઞ પૂર્ણ થવાથી રાજાએ વસિષ્ટ મુનિની ઘણી જ સારી રીત્યે પૂજા કરી. તે મુનિ પરભાર્યા ઇંદ્રલોકમાં ત્યાંથી ગયા. તેમને ત્યાં [4]વિશ્વામિત્ર મળ્યા.

વિશ્વામિત્રઃ—"વસિષ્ટજી, તમે આવી સારી રીત્યે ક્યાં પૂજાયા ?"

---

૧ જે રાજા ચક્રવર્તિ હોય છે તેઓજ એ યજ્ઞ કરેછે. ૨ તેમનો જન્મ બ્રહ્મલોકમાં બ્રહ્માના મનમાંથી થયો હતો. એ મોટા તત્વજ્ઞાની હતા. ૩ યજ્ઞ કરાવનાર ગોર, તેને હોતા કહેછે. ૪ ગાધી રાજાના પુત્ર; તપોબળથી બ્રહ્મર્ષિપદ પામ્યા હતા.

વસિષ્ઠ:—"મહારાજા હરિશ્ચંદ્રે રાજસૂય યજ્ઞ કર્યો તેમાં હું હોતા થયો હતો, તેથી તેણે મારી પૂજા કરી. તે મ્હારો જજમાન છે. એના જેવો સત્યવાદી બિજો કોઇ રાજા નથી.

વિશ્વામિત્ર:—"વસિષ્ઠજી, તમે એના વખાણ કરો-છો પણ તે તેટલા વખાણને યોગ્ય નથી. તમે કહેો-છો તેથી તેની રીત્ય ભાત ઉલટી છે."

વસિષ્ઠ:—"તમે ખોટું કહેોછો, એ મ્હોટો સત્ય-વાદી રાજા છે."

વિશ્વામિત્રનો સ્વભાવ મૂળમાં રિસાળવો હતો તેથી તેમને આ સાંભળતાં ઘણી રીસ ચઢી.

વિશ્વામિત્ર:—"ત્યારે હું જ ખરો કે, એના સત્યની સારી પેઠે પરીક્ષા કરૂં."

વસિષ્ઠ:—"ગમે તેમ કરો, પણ એ રાજા સત્ય-વાદી છે તેથી સત્ય તો મુકશે જ નહિં."

આતું સાંભળતાં તેમને ઘણી રીસ ચઢી. તેથી હ-રિશ્ચંદ્રની વિરૂદ્ધ ઘણુંક બોલ્યા.

વિશ્વામિત્ર:—"તમે એના આટલા બધા વખાણ કરોછો તે તમારો જજમાન થાય તેથી કરતા હશોપણ તે તો બિલકુલ સારો નથી. ત્યારે સત્યવાદી તો ક્યાં થીજ હોય? જો તમારી મરજી હોય તો એ સત્યવાદી

"કે નહિં તે જોવા આપણે હોડ બકિયે. એ જો, ...અસત્યાદી ઠરે તો, તમારે તમારૂં જન્મ્યા ત્યારથી તે ...આજ સુધીનું, તપ નિષ્ફળ કરવું, ને જો એ સત્યવાદી ...રે તો મ્હારૂં પણ એજ પ્રમાણે." આ વાત વસિ...મુનિયે કબૂલ રાખી. ત્યાર પછી તેઓ પોત પોતાને ...મુકામે ગયા. થોડા દિવસ પછી વિશ્વામિત્ર તપ કરવા...નો ઠરાવ કરી તપ કરવા ગયા. તપોબળથી ઘણાએક દુઃખ દેનાર પ્રાણીઓને રાજાના નગર તરફ મોકલ્યાં. ...એ પ્રાણીઓ નગરજનોને હેરાન કરવા લાગ્યાં. તે...ને હાંકી કાઢવા રાજાએ વિચાર કર્યો. પોતાના ઘ...ણાએક માણસોને મોકલ્યા; પણ કોઇથી તે હાંકી ...ઢાયાં નહિં. છેવટે રાજા પંડે પોતાના સાથિયો સાથે ...તેમને હાંકી મુકવા નિકળ્યો. રાજાએ ઘણી મ્હેનત કરી તો રાજાથી પણ તે હાંકી મુકાયાં નહિં. તેથી તેણે ધનુષ ઉપર બાણ ચઢાવ્યું, અને જેવું તાકીને મારવા જાયછે એટલામાં એ પ્રાણીઓએ દોડવા માં...ડયું. તેની પાછળ રાજા ઘોડા ઉપર બેસીને ચાલ્યો. ઘણા વેગથી એ પ્રાણીએ દોડવા માંડયું; રાજા પણ તેમની પાછળ પડ્યો. એમ કરતાં તે ઘણો વેગળે વ...ગડામાં કે જ્યાં રસ્તાનું પણ ઠેકાણું ન્હોતું ત્યાં જઈ ચઢ્યો. પ્રાણીઓ તો આડાં અવળાં ક્યાં ભરાઈ ગયાં

તે રાજાને માલુમ પણ પડ્યાં નહિં.

રાજા ઘણી ચિંતામાં પડ્યો. મ્હેનત ફોકટ ગ
પાણી વિના ગળું સુકાયું. પાણી પાણી એમ બોલ
લાગ્યો. પાસે કોઇપિણ સાથી ન્હોતા, તેથી આ
કાણે પાણી કોણ આણી આપે ? રસ્તો પણ ભુ
ગયો. હવે પોતાના નગરમાં, અજાણ્યો તેથી કયાં જાય
રાજાને ઘણાક વિચારો આવવા લાગ્યા. છેવટે જરા
આગળ જવાનો વિચાર કરી આગળ ચાલ્યો. આ
ગળ જતાં એક નદિ તેના જોવામાં, આવી; ત્યાં ઘોડા
પરથી ઉતરી જરા પાણી પીને શાંત થયો. એ
લામાં એક ઘરડો બ્રાહ્મણ ત્યાં આવી ચડયો. રાજા
તે બ્રાહ્મણને જોયો એટલે મનમાં જરા ધીરજ આ
કે આ બ્રાહ્મણ નગરનો રસ્તો જાણતો હશે. બ્રાહ્મ
પાસે આવ્યો એટલે રાજાએ પોતાના કુલધર્મ પ્ર
માણે નીચા નમીને નમસ્કાર કર્યો. બ્રહ્મણે આશિર્વાદ
દિધો. પ્રિય વાચકો, એ બ્રહ્મણ ખરેખર બ્રાહ્મણ નહિં
પણ વિશ્વામિત્રે રાજાને હેરાન કરવા વેશ બદલ્યો હતો.

બ્રાહ્મણઃ—"હે રાજા, તું એકલો, આ ઉજડ વ-
ગડામાં કયાંથી આવી ચઢયો ?"

રાજા:—"મારા નગરજનોને કેટલાક પ્રાણીઓ દુઃખ
દેતાં હતાં, તેમને હાંકી મુકવા મારા માણસોએ પ્ર-

"... કર્યા પણ તે કોઈથી હાંકી મુકાયાં નહિં, તેથી જાતે મ્હારા સાથિયો સાથે તેમને હાંકવા માટે નિકળ્યો. પણ તેઓ દોડીને ક્યાં જતાં રહ્યાં તે મ્હારાથી જોવાયું નહિં, "હમણા મારી નાંખું છું" એમ વિચાર તો હું પણ તેમની પાછળ દોડ્યો ને તેથી એકલો આ વગડામાં આવી ચઢ્યો છું. અહિંથી નગરમાં જવાનો રસ્તો કયો છે તેની મને ખબર નથી. માટે જો તમે રસ્તો બતાવો તો સારૂં. મ્હારૂં નામ હરિશ્ચંદ્ર છે. હું સર્વ કોઈને મનગમતાં દાન આપું છું. તમને પણ તમે ક્હેશો તે દાન અયોધ્યામાં આવશો તો આપીશ."

બ્રાહ્મણ:—"હે રાજા, (નદી તરફ આંગળી કરીને) આ એક ઉત્તમ તીર્થ છે. તમે અહિં ન્હાયા? જો, ન ન્હાયા હોવ તો ન્હાવ; કારણ કે, આ ઓચિંતાનો તમને લાભ મળેછે. તીર્થમાં ન્હાઈને મરજી પ્રમાણે પુણ્ય કરો. શક્તિ પ્રમાણે દાન કરો. પછીથી તમારી જોડે આવી રસ્તો બતાવીશ."

રાજા:—"તમારી મરજી, લો ત્યારે હું ન્હાઉં છું" એમ ક્હિ રાજા વસ્ત્ર બદલીને ન્હાયો (ને બ્રાહ્મણને કહે છે કે) મહારાજ, હવે તમારે જે જે દાન જોઈતું હોય તે સુખેથી માગો."

બ્રાહ્મણઃ—"તમે બહુ ઉદાર દિલના સત્યવાદી જાછો એમ મેં સાંભળ્યું છે તેથી મ્હારે તમારી પા બિજું કંઇ માગવાનું નથી પણ મારા દિકરાને પર ણાવવો છે તે માટે દ્રવ્ય-પૈસા આપો."

રાજા મનમાં વિચાર કરેછે કે, "મ્હારા સાથિયો મને ખોળતા હશે, અથવા તેઓ કદાચિત્ મ્હારી ખોળ કરવા પાછળ આવ્યા હશે ને મ્હારી પેઠે રસ્તો ભુલી ગયા હશે તો તેમની શી વલે થશે." એવામાં બ્રા હ્મણને "વારૂ તમને દ્રવ્ય આપીશ" એમ કૂહિ પો તાનાં વસ્ત્રો પ્હેરી ઘોડા ઉપર બેઠો. સાથે વેશ ધારી બ્રાહ્મણ-(વિશ્વામિત્ર) રસ્તો બતાવવા ચાલ્યો. ન ગર આવ્યું અને રાજા નગરમાં ગયો.

વિશ્વામિત્રે ધાર્યું કે, મેં મ્હારૂં કામ સાધ્યું. રા જાએ ધાર્યું કે મને રસ્તો બતાવ્યો. એક એકના મ નમાં ખુસી થયા. ખરૂં જોતાં છોકરોએ ન્હોતો ને પરણાવવાનુંએ ન્હોતું. પણ વિશ્વામિત્રે પણ કર્યું હતું કે, 'રાજા હરિશ્ચંદ્રનું મ્હારે સત્ય મુકાવવું અને વ સિષ્ટમુનિના જન્મભરનું તપ-બળ ગુમાવવું." તેટલાજ માટે કેટલાક દિવસ પછી, ન્હાઈધોઈ નિત્ય નૈમિત્તિક કર્મ-(સંધ્યા વંદન, અગ્નિહોત્ર કરવો વિગેરે) રાજા કરતો હતો, તે વખતે વિશ્વામિત્ર બ્રાહ્મણને રૂપે પોતાને

" દાન આપીશ " કહ્યું હતું, તે દાન લેવા આવ્યા.

વેશ-ધારી **વિશ્વામિત્ર**:—" રાજા, હમણાંજ, તમોએ મને કહેલું દાન આપો. તમે અત્યારે પવિત્ર કાર્ય કરવા બેઠાછો માટે અહિંને અહિં આપો. "

રાજા:—" તમારે શું જોઈએ છે? જે જોઈતું હશે તે હું આપીશ. સુખેથી માંગો. કદી મ્હારાથી આપી શકાય તેવું નહિં હોય તો પણ તે, હું તમને આપીશ. "

બ્રાહ્મણ:—"મ્હારે તો, તમારૂં, સર્વે સમૃદ્ધિથી ભરપૂર રાજ્ય જોઈએ છે. " વિશ્વામિત્રના તપોબળે જેને મોહ પમાડયો છે એવો રાજા " રાજ્ય જોઈએ છે " એ શબ્દો સાંભળતાંની સાથે આગળ પાછળનો કંઇ પણ વિચાર કર્યા શિવાય " મેં તમોને તમારા માગ્યા પ્રમાણે મ્હારૂં સર્વે સમૃદ્ધિથી ભરપૂર રાજ્ય આપ્યું. " એવું બોલ્યો. તે સાંભળી **વિશ્વામિત્ર** કે જેને **વશિષ્ટ**નું વચન તથા તેમનું તપ ખોટું કરાવવું છે તેણે કહ્યું કે, " ત્યારે મ્હેં એ રાજ્ય લીધું. " પછી **બ્રાહ્મણ** કહેછે કે, હવે મને દક્ષિણા આપો; કારણ કે, શાસ્ત્રમાં દક્ષિણા વિના દાન અપાય નહિં " એવુંકહેલું છે.

રાજા:—"મહારાજ, મેં તમને મ્હારૂં રાજ્ય આપ્યું. હવે મારી પાસે કંઈ પણ નથી, તે તમે જાણોછો તેથી

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શી દક્ષિણા આપવી જોઈએ તે કહો. તે હું પછીથી આપીશ."

બ્રાહ્મણ:—"હે રાજા, તમે મને અત્યારે ને અત્યારે અઢીભાર સોનાની દક્ષિણા આપો."

રાજા:—"ત્યારે એ દક્ષિણા હું તમને આપીશ, પણ હમણાં તો મારી પાસે એક બદામ સરખી પણ નથી. ધીરે ધીરે પ્રયત્ન કરીને ધન મેળવી તમને અઢીભાર સોનાની દક્ષિણા તો હું આપ્યા વિના નહિંજ રહું, હમણાંતો ક્ષમા કરો" (મનમાં વિચાર સુઝિ આવવાથી, આ મેં શું કર્યું એમ બોલેછે) પછી વિચારોથી ઘેરાયેલો રાજા પોતાના એકાંત સ્થળમાં ગયો. ને એ બ્રાહ્મણ પણ પાછો "ઠીક વળી કાલે" એમ બોલીને ચાલતો થયો.

એવામાં પોતાના ઓરડામાંથી **તારા**મતિ રાણી **રાજા** પાસે આવી. **રાજા** એક અક્ષર પણ બોલ્યો નહિં. "જે **રાજા** મને જોતાની સાથે ઘણા હેતથી બોલાવીને વાતો કરતો તે આજે મને જોયા છતાં કેમ આમ ?" આવો વિચાર કરતી "શું મ્હારાથી કંઈ અમર્યાદા તો થઈ નથી" એવો વિચાર કરતી પાસે આવી. ખરૂં તો એ હતું કે, રાજા વિચારમાં ગરક થયો હતો તેથી તેણે રાણી તરફ જોયુંજ નહોતું.

તારામતિઃ—"સ્વામિ, કેમ આજે મ્હારી જોડે બોલ્યા નહિ? શું મ્હારાથી આપની અમર્યાદા તો નથી થઈ, અથવા આજે આપને મ્હારાથી ખોટું લાગવા જેવું તો થયું તેથી કે જેથી મારી જોડે બોલ્યા નહિ?"

રાજાઃ—(રાણી દિલગીર થશે જાણીને.) " કંહિં નહિં. "

રાણીઃ—"સ્વામિ, આપ જાણોછો કે, સ્રીથી સ્વામિયે પોતાને શાથી દિલ્લગીર રહેવું પડેછે તે કહેવું જોઇએ, કારણ કે, તે સ્વામિની દિલગિરીમાં ભાગ લેનાર છે. માટે કહો, આપને શાથી આજે દિલગિરી થાય છે? આપે રાજસૂય યજ્ઞ કર્યો. દુષ્ટ પ્રાણીઓનો નાશ કર્યો. આપની રૈયત સુખચેનમાં છે. આપનું ભુંડું ઈચ્છનાર કોઈ નથી. તો આપ શા માટે દિલગિરીમાં છો? તે શું મ્હારાથી છાનું રાખશો?" આવાં રાણીનાં વચનો સાંભળીને રાજા કંઈપણ જવાબ દઈ શકયો નહિં, પણ તેના મુખકમળ ઉપર વધારે વધારે દિલગિરી જણાતી ગઈ. પાછી રાણી પૂછેછે કે, "હે મોટા મનવાળા સ્વામિ, આપ મ્હને કશું ક્હેતા નથી, તેથી મારો જીવ બળેછે. મને કંઈ પણ સૂઝતું નથી. મારે શરીરે કંપારી આવે છે, મને લાગે છે કે, જો આપ મને નહિં ક્હો તો આ ખોળીઆમાંથી

મારો જીવ હબકમાં જતો રૂહેશે, ગાટે તમે મને જે હોય તે જલદી વગર વાર કરે કૂહિ નાંખી મારા મનને શાંત કરો. " આ સાંભળી રાજા ઘણો ઉદાસ થયો. ખાવાનો વખત થયો હતો; પણ રાજાએ ખાધું નહિં. "વિશ્રામભુવનમાં ઘડી સુઈ રૂહિશ તો મ્હારી ચિંતા જરા સમશે" એવો વિચાર કરી ત્યાં ગયો પણ નિંદ્રા આવી નહિં. જોડે રાણી પણ પાછળ પાછળ ગઈ. રાણીને જેમ વખત જતો ગયો તેમ તેમ વધારે ચિંતા થતી ગઇ. જેમ તેમ કરતાં એક રાત્ય એક વર્ષની પેઠે કાઢી. રાજા સવારમાં ન્હાઈ ધોઈ સંધ્યાવંદન કરી દેવપૂજા કરવા બેઠોછે. એવામાં એ બ્રાહ્મણ કે જેણે છળ કરીને રાજ્ય લઈ લીધું છે તે દક્ષિણા લેવા માટે આવ્યો.

બ્રાહ્મણ:—" હે સત્યવાદી રાજા, તુ ત્હારા કહ્યા પ્રમાણે રાજ્ય તથા અઢીભાર સુવર્ણ દક્ષિણા આપ્ય્. હવે વાર ના કરય્."

રાજા:—"હે બ્રાહ્મણ, રાજ્ય તો હું તમને સોંપી દઉછું. પણ દક્ષિણા માટે મેં ગઈકાલે તમોને કહ્યું છે તે સ્વીકારો." એટલામાં રાણી આવી. તેને રાજા કૂહે છે કે, " મેં, આ બ્રાહ્મણને સર્વ સમૃદ્ધિથી યુક્ત મ્હારૂં રાજ્ય આપી દિધું છે. ત્હારા, પુત્રના તથા મ્હારા દેહ

શિવાય કંઇ પણ બાકી રહ્યું નથી માટે હું નગર મુકીને વનમાં તપ કરવા જતો રહુછું. ભલે, એ બ્રાહ્મણ મારા નગરજનોને સારી રીત્યે પાળીને રાજ્ય ભોગવે." એવામાં પ્રધાન આવે છે.

પ્રધાનઃ—" હે સત્યમૂર્ત્તિ મહારાજા, આપે અમને રઝળતા કર્યા. ગામના લોકો ઘણા શોકથી રડે છે. આપે વિચાર કેમ ન કર્યો ? "

રાજાઃ—" સદ્‌ગુણિ પ્રધાન, ભાવિકાળ મટતો નથી. જે થવાનું હતું તે થઈ ગયું. હવે મ્હારો ઉપાય નથી. મ્હારે તમને આ વખતે એજ કહેવાનુંછે કે, આ બ્રાહ્મણને મેં મ્હારૂ રાજ્ય આપી દિધું છે. તેના કહ્યામાં રહિને, જો તે તમનેજ પ્રધાનપદ પર રાખે તો મને જેવું અને જેટલું માન આપતા હતા તેટલું આપીને વર્ત્તવું અને કોઈપણ રીત્યે પ્રજાને દુઃખ ન પડે તેમ કરવું હિતરૂપ છે. વારાફરતું સર્વને માથે સુખ–દુઃખ હોયછે. સૂર્ય જેવા તેજસ્વીનું તેજ શાશ્વત રહેતું નથી તો માનવી કોણ છે? તમે શોક કરશો નહિં. પ્રજાને ધીરજ આપજો. જગત્‌માં ઉદયાસ્ત, ચઢતીપડતી, સુખ દુઃખ, ભરતીઓટ એવી ઘટમાલ ચાલતીજ છે, માટે ઇશ્વરઈચ્છામાં આપણે કોઇપણ રીત્યે શોકથી દુઃખી થવું તે ઇશ્વિરઇચ્છાનો અનાદર કર્યા બરોબર છે. હવે

સ્વસ્થ ચિત્તથી જાવ." આ સાંભળી પ્રધાન ઘણા શોકથી દુઃખી થયો.

રાજા, આવો બોધ, પ્રધાનને કરી રહ્યો એટલે એ બ્રાહ્મણ વેશધારી વિશ્વામિત્ર ઘડીવાર રાજા ન જાણે માટે આઘોપાછો થયો. આણી તરફ રાજા અયોદ્ધા મુકી વનમાં જવા નિકળ્યો કે, આ સઘળું બનતીવખતે કંઈપણ બોલાયા વગર ટગર ટગર જોતાં, રાણી અને રોહિતાશ્વ પુત્ર એ બે પણ પાછળ પાછળ રડતાં રડતાં ચાલ્યાં.

નગરના લોકો, ટોળેમળીને રડતે કળ કળતે સ્વરે વારે વારે રાજાને પ્રણામો કર્યા, અને 'એ બ્રાહ્મણ કે જેને રાજાએ રાજ્ય આપી દિધું તે કોઈ કપટી અને છળ કરનાર છે' એવું મોઢેથી બોલીને ઘણા દિલગીર થયા. રાજાએ તેમને ધીરજ દિધી. બધા નગરજનો વીલે મોઢે પોતાના રાજાની દુઃખ યુક્ત અવસ્થા જોઈ ઘેર ગયા. આણીગમ રાજા પણ પોતાની સ્ત્રી અને પુત્ર સહિત વનમાં સિધાવવા લાગ્યો. એવામાં પાછો પ્રથમથીજ જેણે મનમાં રાજાનું સત્ય મુકાવવા માટે સંકલ્પ કરેલ છે એવા બ્રાહ્મણ વેશધારી વિશ્વામિત્રમુનિ આવ્યા.

બ્રાહ્મણ કહે છેઃ—" હે રાજા. તું ક્યાં જાય છે?

અઢીભાર સોનાની દક્ષિણા મને આપવા કબૂલી છે તે તું ભુલી ગયો ? મને એ દક્ષિણા આપીને આગળ જવું હોય ત્યાં જા. ગમેતેમ કરચ્, પણ, મને તો જરૂર એ દક્ષિણા આપવી પડશે. તારી મરજીમાં આવે તે કરચ્ ને મ્હારી દક્ષિણા આપ્ય્. જો ન આપવાની મરજી હોય તો 'ના નહિં આપું' એમ કહે. એટલે હું દક્ષિણા લઈશ નહિં. તેમજ જો તારે રાજ્ય પણ પાછું લેવું હોય તો તે પણ આપી દઊં."

રાજા:—"હે મહાત્મા, તમને દક્ષિણા આપવી એ મ્હારે શિરસટ્ટે છે. પણ તમે ઉતાવળ કરશો નહિં. મેં રાજપાટ–સર્વસ્વ તમને તમારા માગવાથી આપ્યું છે. એટલે, મનમાં તમે જરા વિચાર તો કરો કે હું દક્ષિણામાં એટલું બધું સોનું એકદમ ક્યાંથી આપી શકીશ. વળી હે મહાત્મા, હે મોટા મનવાળા, તમને અઢીભાર સોનું દક્ષિણા આપીશ એમ કહિને, તે ન આપું એવું બનેજ નહિં. સૂર્યવંશી રાજાને લાંછન લાગે. અસત્ય બોલાયજ કેમ ? તથાપિ તમે ઘણી ઉતાવળ કરોછો તો લાચાર, ભૂખ્યા હોઇએ ને જો 'ભૂખ લાગી છે' કહિ બે હાથે ખાવા ધારીએ તો એકદમ પેટ ભરાય ? નજ ભરાય. માટે હું તમને અઢિભાર સુવર્ણ–દક્ષિણા આપ્યા વિના અન્ન ખાઇશ

નહિં. તમે જરા પણ મનમાં ફિકર કરશો નહિં. હું જરૂર તમને દક્ષિણા આપીશ. શું તમને મ્હારા બોલવા ઉપર આટલો અવિશ્વાસ છે?"

બ્રાહ્મણઃ—"મને વિશ્વાસતો પડતો નથી. કારણ કે, સર્વ સમૃદ્ધિવાળું રાજ્ય મારે સ્વાધીન કર્યું. હવે તું કયે પ્રકારે અઢીભાર સુવર્ણ લાવી શકીશ?"

રાજાઃ—"અરે મહાત્મા, એમ ધારશો નહિં. મેં મારૂં રાજ્ય આપ્યું છે પણ હજુ મારો દેહ તો છે. ખપ પડે જાતે વેચાઈશ પણ તમને દક્ષિણા આપ્યા શિવાય નહિં રહું. જરા ધીરજ રાખો."

બ્રાહ્મણઃ—"તું, ત્હારી સ્ત્રી કે પુત્ર વેચાવ તેની જોડે મારે લેવા દેવા નથી. મારે કબૂલેલી દક્ષિણા સાથે કામછે. તું ગમે તે કરય્ પણ મને દક્ષિણા આપ્ય્." "** ભાડુ અને દક્ષિણા તુરત આપવી" એવો નિયમ છે માટે ઉતાવળ કરૂંછું. દાન દઈ દક્ષિણા જો જલદી આપવામાં ન આવે તો તેને ગજાવિનાનું અવિચારી કાર્ય કર્યાનો અપવાદ લાગે છે. જયારે તારૂં ગજું ન્હોતું તો તેં એવો સાહસ શા માટે કર્યો? હજુ પણ જો તારી ઈચ્છા હોય તો રાજ્ય પાછું આપુંછું તે તું લે. અને મને કહે કે, મ્હારાથી દક્ષિણા નહિં અપાય. હવે મ્હારી પાસે બીજું આડુ અવળુ બોલવું

મુકી દે. કાંતો દક્ષિણા જલદીથી આપ્ય્ કે કાંતો નહિં આપું એમ ક્‌હે."

આવું સાંભળી રાજા ઘણો ગભરાયો, તોપણ ધીરજ રાખીને વિચાર કરતો જાણે ભાન વિનાનો હોયની તેવો જણાવા લાગ્યો.

રાજાઃ—"મહારાજ, કૃપા કરી જો મ્હારી વિનંતી લક્ષ્યમાં લ્યો તો તે હું ક્‌હું."

બ્રાહ્મણઃ—"બોલ ત્હારે જે બોલવું હોય તે"

રાજાઃ—(સજલ નેત્રથી) "મહારાજ, મારી હાલત હાલ ઘણી બારીક છે તે આપ સારી પેઠે જાણોછો. તેથી આટલું તમારી પાસે માગી લઉછું કે, એક મહિનાની મને મુદત આપો. એ મુદતમાં હું તમોને કહેલા સોનાની દક્ષિણા આપીશ."

બ્રાહ્મણઃ—"વારૂ ત્યારે એમ કરય્, પણ જોજે હો, એ પછી વધારે મુદત નહિં મળે." એમ ક્‌હિ જતો ર્‌હેછે.

પ્રકરણ ૩ જું.

સર્વેનું કાશી તરફ જવું,—રોહિતનો વિલાપ,—દક્ષિણા લેવા માટે બ્રાહ્મણનો ત્રાસ,—રાજા, રાણી અને પુત્રનું વેચાવું,—તેમને પડેલું દુઃખ,—રાજાની દિલગિરી.

રાજા, રાણી અને પુત્ર એ ત્રણે જણાં ભૂખ અને તરશ વેઠતા કાશી તરફ જવા ચાલવા માંડે છે. એ

ત્રણેમાંથી કોઇ અડવે પગે કદી ચાલ્યું નથી. ભૂખ તરશ વેઠી નથી તે આજે ઉજડ વગડામાં એકલાં સત્ય માટે ચાલે છે ને દુ:ખ વેઠે છે.

રોહિતાશ્વ:—(પોતાની માને) "બા મ્હારાથી ચલાતું નથી, મને ભૂખ લાગી છે."

*તારામતી:—"બાપુ, જો આ કાશીનગર આવેછે. ત્યાં ગયા પછી તને ખાવાનું લાવી આપીશું. હમણા આ વગડામાં ખાવાનું ક્યાંથી લાવું? હમણા તો તું ઉતાવળો ચાલ્ય, કારણ કે, અહિં વાઘવરૂની બીક દેખાય છે, તેથી જો આપણે નગરમાં જલદીથી જતા રહિએ તો એ બીક મટે. માટે ચાલ્ય બા, કર ઉતાવળ. ભાઈ, જોને આ ઝાડોની કેવી સારી ઘટા દેખાય છે. તું રોજ તારા પિતાજીની સાથે વનમાં જતો ત્યાં તેં આવી ઝાડોની ઘટા જોઇજ હશે. વળી આ જોતો, પેલા પોપટ, ચકલીઓ, મોર, હંસ, કેવાં અહિંથી તહિં, ને તહિંથી અહિં, એમ ઉડેછે." આમ કહિ કહિને સમજાવે છે. રોહિતાશ્વ ગમે તેટલો તોયે બાલક તે આવી વાતોમાં, કહે તેટલીવાર શિવાય ઘડી પણ ધ્યાન આપતો નહિં, પણ "બા, મ્હારાથી ચલાતું નથી, મને ભૂખ લાગી છે." એમ વારંવાર કહ્યા

* એનું બીજું નામ શૈબ્યા છે.

કરતો. પુત્રની લાગણીવાળી માંગણીથી માને શું થતું હશે, એનો ખ્યાલ કરવો ઘણો કઠિન છે. વગડામાં વનફળ ને કંદમૂળ શિવાય બિજું શું ખાવા મળે? પણ હમેશનો એનો ખોરાક એ નહોતો, તેમજ તુરતનોજ વનપ્રયાણ હોવાથી અને બિજી રીત્યે જોઈએ તો બાલકના કોઠાને એ આહાર અનુકૂળ ન હોય જાણી આડાં અવળાં ઝાડો વગેરે બતાવીને એ વાત ભુલાવવાનો પ્રયત્ન કરેછે પણ તે સર્વે ફોકટ. જો બાળકો સમજાવ્યાં કે તુરત સમજે તો "બાળ-હઠ" એ શબ્દ, શબ્દકોશના પરિચયમાં આવત જ નહિં, એટલામાં કાશીક્ષેત્રમાં સર્વે આવી પૂહોંચ્યાં.

બ્રાહ્મણ:—(એટલામાં આવીને) હે સત્યને પાળનાર રાજા, તેં કરેલી અવધ પૂરી થઈ; માટે વચન પ્રમાણે દક્ષિણા આપ્ય."

રાજા:—" મહારાજ, હું મારૂં વચન ભુલી ગયો નથી; એજ વિચારમાં છું. હજુ એ ઘડી દિવસ પણ ચઢયો નથી. જ્યાં સુધી સૂર્ય આથમ્યો નથી ત્યાં સુધી અવધ પૂહોંચે છે. માટે જરા ધીરજ રાખજો. જો તમારે આ કાશીક્ષેત્રમાં જરા ફરિઆવવું હોય તો ફરિઆવો. " પછી રાજા મનમાં વિચાર કરીને જુવેછે તો જાતે વેચાયા શિવાય એ બ્રાહ્મણની દક્ષિણા અ-

પાશે એમ જાણ્યું નહિં, તેથી જાતે વેચાવું એજ સારો રસ્તો છે એમ ધાર્યું.

રાણી:—(રાજા કંઇ વિચારમાંછે એમ જોઈ) " આમ શું કરવા ફિકર કરો છો ? સ્વધર્મ પાળવવા તત્પર થાઓ. બોલીને ફરવું નહિં જોઇએ. જ્યાં ઠીક લાગે ને જે વધારે મૂલ્ય આપે તેને ત્યાં મને વેચી દો, એટલે દક્ષિણા આપી શકાશે. દુઃખના વખતમાં જો, મારો દેહ કામ ન લાગે તો આ દેહ શું કામ આવશે? મનમાંથી ચિંતા દૂર કરીને મને જ વેચી દો." આવું રાણીનું બોલવું સાંભળીને રાજા ઘણો દુઃખી થયો. વળી રાણીએ કહેવા માંડયું કે, " મ્હારૂં કહ્યું માનો તો સારૂં." રાજાના મનની હાલત હમણાની વાતો સાંભળતાં ઘણીજ નબળી થઈ હતી તેથી બેભાન જેવો થઇને ભોંયપર ઢળી પડ્યો. રાણી રડવા લાગી, પુત્ર રડવા લાગ્યો. રાજા સાવધ થયો એટલે રાણીએ કહ્યું કે, " વંશજોની સદ્ગતિ માટેજ પુરૂષે સ્ત્રીને પરણવી જોઈએ" એવું શાસ્ત્રમાં કહેલું છે. (રોહિતાશ્વ તરફ આંગળી કરીને) આ રોહિત છે, એટલે મ્હારા કહ્યા પ્રમાણે કરો તો તે કંઈ ખોટું ગણાશે નહિં. " રાજાએ જરા મન કઠિન કરીને, તારામતીનું કહેવું કબુલ કર્યું. રાણીને ઘણુંજ લાગી આ-

બ્યું. તે વિલાપ કરીને પોતાના આગલા વૈભવ અને સુખને યાદ કરતી રડવા લાગી. ગમે તેટલું તોયે સ્ત્રી જાત. તેને હદ કરતાં વધારે દુઃખ સહન કરવાવાળા હૃદયની, ઈશ્વરે મૂળથીજ સૃજી નથી. સ્ત્રીનું હૃદય અને જાત કોમળ હોય છે.

રોહિતાશ્વ:—"બા, કેમ રડે છે? મને ખાવા તો આપ્ય, તને શું થયું છે?" આમ પૂછ્યાં કરે છે. એટલામાંજ એ બ્રાહ્મણ આવી પ્હોંચ્યો.

બ્રાહ્મણ:—"હે રાજા, મને મ્હારી દક્ષિણા આપ્ય. આજે છેવટની માગણી કરવા આવ્યો છું. જો નહિં આપે તો શાપ દઈશ."

લેણુદારથી આકળવીકળ થયેલો રાજા ઘણા શોકમાં ડુબી ગયો, ને આસપાસ કોઇ આવતા જતાને જોવા લાગ્યો. એવામાં એક માણુસ આવતો દીઠો. તેને પાસે આવેલો જોઇને દિલગીર થયો. કારણુ કે, તે જાતે બ્રાહ્મણુ હતો. ક્ષત્રીનો ધર્મ બ્રાહ્મણુને આપવાનો છે, પણ તેની પાસેથી લેવાનો નથી. તેથી તે નગરમાં જવાને પોતાની સ્ત્રી, ને પુત્ર રોહિત સાથે નિકળ્યો. જ્યાં મ્હોટો બજાર ભરાયછે ત્યાં આવીને તારામતીને એક ઉંચી જગા ઉપર ઉભી રાખી. ઘણા એક લોકો આ ત્રણેને હાલ હવાલ શરીરે જોઈને, ટોળે મળ્યા. તેમની

આગળ રાજા આ પ્રમાણે બોલ્યો:—"હે નગરજનો, સત્યને પાળવા માટે આ મ્હારી પરમપ્રિય સ્ત્રીને તેની ઈચ્છાથી વેચવા માટે આવ્યોછું તેથી જેને તેની જરૂર હોય તે ખરીદ કરો."

આટલું સાંભળતાંની સાથે, સર્વ લોકો વિસ્મય પામ્યા. કારણ કે, એ સત્યયુગના લોકો, કે જેઓ સર્વ વાતે સત્યવાદી અને સારા આચરણવાળા હતા. તેઓમાંથી એકે કહ્યું કે, "ભાઈ, તમે કોણ છો ને ક્યાંથી આવ્યા છો?" રાજાએ વિચાર કર્યો કે, ખરીવાત કહેવા બેસીશ એટલે વાર થશે ને આ બ્રાહ્મણને આજ સોનું આપ્યા વિના ચાલે તેમ નથી. મારૂં સત્ય જાય છે; માટે ગમે તેમ કરીને ખરી હકીકત હાલ તુરત કહેવી નહિં. નગરના લોકો આમ સ્ત્રીને વેચાતી લે, એ રાજાને સંભવ્યું નહિં તેથી રાજા ઘણા શોકથી સંતાપને પામ્યો. એટલામાં એક ૮૦ વર્ષનો ઘરડો ખખ્ખ બ્રાહ્મણ જેના શરીરની ચામડી વૃદ્ધપણાથી લચી પડી છે, હાથમાં એક લાકડી પકડી છે એવી હાલતમાં એ ઠેકાણે ઉભેલા ટોળા તરફ આવતો આસપાસના લોકોએ જોયો. ભેગા થએલા નગરના માણસે આ માણસને કદી ક્યાંહી પણ જોયોજ નહોતો. તેથી માંહે માંહે વાતો કરવા લાગ્યા કે, "આ વળી

ક્યાંથી આવ્યો હશે? આપણા નગરમાં તો આવા વિચિત્ર ડોળનો કોઈપણ બ્રાહ્મણ નથી." "અરે ભાઈઓ, અહિંયાં શું થાયછે?" એમ પેલો વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો. લોકોમાંથી કોઇએ કહ્યું કે, "અહિં એક મનુષ્ય સત્યને માટે પોતાની પરમપ્રિય સ્ત્રીને તેની આજ્ઞાથી વેચવા માટે આવ્યો છે." "અરે ભાઇ, એ સ્ત્રીને તો મને જોવા દો, મારે માણસનો ખપ છે, તેથી હું એને રાખીશ." એમ કહિ એ વૃદ્ધ બ્રાહ્મણ તારામતીને ધારી ધારીને જોવા લાગ્યો. પછી તેણે "માંગ્યા પ્રમાણે ધન આપીશ" એમ કહ્યું. "સ્ત્રી, પુરૂષ અને પુત્ર, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સર્વે સદ્ગુણોવાળાં હોય તો તેવાની કીમત ૧ કરોડ, દશકરોડ મ્હોરની (પુત્રની પણ એટલીજ) શાસ્ત્રમાં કહેલી છે." આમ બ્રાહ્મણે કહિ ૧ કરોડ મ્હોર રાજાને આપી રાણીને પકડીને લઈ જવા લાગ્યો. એ બ્રાહ્મણનું નામ કાળકૌશિક હતું.

રોહિતાશ્વઃ—(રડતો રડતો) "ઓ બા, તું મ્હને મુકીને ક્યાં જાય છે? ઓ બા,"

તારામતીઃ—"હે મહારાજ, તમે કૃપા કરી મ્હારા બાલકને પણ ખરીદ કરો. કારણ કે, તે ઘણું રડે છે. તમોએ મને ખરીદ કરી પણ મારા શિવાય બાલક

મરી જશે. જેમ ગાયનું વાછડું તેની મા શિવાય એ-કલું રહિ શકતું નથી તેમ એ બાલક રહિ શકશે નહિં. મા વિના તેનો પ્રાણ જશે. માટે એને પણ ખરીદો."

બ્રાહ્મણ:—(ગુસ્સે થઇને) "ચાલ્ય્ ચાલ્ય્ હવે, તારી પતરાજીખોર દયા જોઇ."

તારામતી:—"મહારાજ, મ્હારૂં કહ્યું ધ્યાનપર લ્યો. હું તમને આજીજી કરૂં છું."

બ્રાહ્મણ:—"ચાલ્ય્ ત્યારે, તારા બાલકને પણ લ-ઉંછું" એમ કહિ રાજા પાસેથી તેને પણ મૂલ્ય આપી ખરીદ્યો; ને સાથે લઈ જવા લાગ્યો ત્યારે રાણીએ રાજાને પગે લાગી આજ્ઞા માગી, ને રાજાએ મ્લાન મુખડે આપી. વાચક, ખરીદ કરનાર ખરેખર કોઈ બ્રાહ્મણ ન્હોતો પણ વેશધારી બ્રાહ્મણ વિશ્વામિત્ર હતો. તે જરા આગળ જઇને પોતાને પ્રથમના બ્રાહ્મણને ખરે રૂપે પાસે ઉભો રહેલો રાજાથી જોવાયો.

બ્રાહ્મણ:—"હે રાજા, મારી દક્ષિણા આપ્ય્."

રાજા:—લ્યો મહારાજ, તમને આપવા કહેલી દ-ક્ષિણા આપુંછું"

બ્રાહ્મણ:—"તું આ દક્ષિણા ક્યાંથી આપવા શ-ક્તિવાન્ થયો, તે મ્હને કહે."

રાજા:—"તેનુ તમારે શું કામ છે? હું ગમે તેમ

કરીને લાવ્યો."

બ્રાહ્મણઃ—"ખોટી રીત્યે મેળવેલું દ્રવ્ય મારે જોઇતું નથી, તેથી જો એમ હોય તો તે, મને જલદી કહિ દે."

રાજાઃ—"મહારાજ, મ્હારી સ્ત્રી તથા પુત્રને વેચીને એ દ્રવ્ય મેળવ્યું છે."

બ્રાહ્મણ—"તેં કહ્યું હતું કે "જે માગશો તે આપીશ" તો મારે રાજસૂય યજ્ઞ કરવો છે તેથી હું સર્વેને દક્ષિણા આપું તેટલું દ્રવ્ય ગમે તેમ કરી લાવી આપ્ય."

રાજાઃ—"મહારાજ, શાસ્ત્રની આજ્ઞા છે કે, રાજસૂય યજ્ઞ સાર્વભૌમ રાજ્યપદ શિવાયના બિજાથી થઈ શકે નહિં. તમે કેવી રીત્યે એ યજ્ઞ કરશો?"

બ્રાહ્મણઃ—"અમે ગમે તેમ કરીશું. તે તું કોણ પૂછનાર? જલદીથી તારૂં બોલ્યું સત્ય કરય. નહિં તો હું હમણા શાપ દઉંછું."

રાજાઃ—"મહારાજ, ક્રોધ કરશો માં. હવે મ્હારો એકલો દેહ છે. તે જો કોઈ લે તો વેચીને તમારી ઈચ્છા પૂરી કરૂં."

બ્રાહ્મણઃ—"ઠીક ત્યારે એમ કરય. જા જલદી વેચાઇ આવ્ય, હું અહિં ઉભો છું.

રાજાઃ—"મહારાજ, હું ઘણે ઠેકાણે ફર્યો પણ મને

વેચાતું લેનાર કોઇ દેખાયું નૂહિ." એટલામાંજ વિ-શ્વામિત્રની માયાથી ઉત્પન્ન થયેલો ઘોરકર્મ કરનાર એક ચાંડાલ આવતો એ બન્ને જણોએ જોયો.

(વિશ્વામિત્ર)–**બ્રાહ્મણ**:—"ઓ ચાંડાલ, તારે આ માણસને વેચાતો લેવો છે ?"

ચાંડાલ:—"ઓ બાપજી, હું કયારનો મારે એક માણસ જોઈએ છે તે ખોળ્યા કરૂં છું ને. મશાણમાં રાખવા એક માણસ જોઈએ છે તે બાપજી, તમે કૂહો તે આપી એને લઇ જાઉં. આ સાંભળીને રાજા, એ બ્રાહ્મણને કૂહે છે કે, "મહારાજ, હું એ ચાંડાલને ત્યાંતો નૂહિંજ વેચાઉં. તમે જે કહેશો તે કરીશ."

બ્રાહ્મણ:—(યુક્તિથી) "વારૂ જ્યારે તું મ્હારૂં કહ્યું કરવા બંધાયો ત્યારે હું હવે તને આ ચાંડાલને વેચી દઈ તારૂ મૂલ્ય લેવા ધારૂં છું. માટે તારે વેચાવું." આ સાંભળતાં રાજાને ઘણો શોક થયો પણ શું કરે, વચને બંધાઇ ચુકયો એટલે ફ્રરાયજ નૂહિં. રાજા ચાં-ડાલને ત્યાં વેચાયો. બ્રાહ્મણ ધન લઈ ઘેર ગયો.

ચાંડાલ:—(રાજાને) "અરે દુષ્ટ, પ્રથમ મેં તને દાસ-પણા સારૂં વેચાતો લેવા કહ્યું ત્યારે તેં ના કૂહિ. અ-ને હવે, તું કેમ મ્હારા દાસપણાને કબૂલ કરે છે ?" એમ ક્રોધમાં બોલીને રાજાને બે ત્રણ લાકડીઓ જ-

ડાવી દિધી. રાજાએ વિચાર કર્યો કે "આપણે જેના દાસપણાને પામ્યા, જે આપણો શેઠ થયો, તે ગમે-તેમ કરે તો પણ સામા થવું નહિં. હશે, હું જે બિ-જાને આંખના પલકારામાં અંકુશમાં રાખતો અને જે મારી ક્રોધવાળી આંખને જોવાથી થથરી જતા તે પણ, એક વખત હતો ને આજે આ નીચ ચાંડાલ-માં મુખ્ય ધનાઢ્ય પ્રવીર, તેને હાથે માર પણ ખાવા યોગ્ય થયો. એ કંઈ ઓછા સંસ્કારની વાત નથી."

આણી તરફ રાજા પ્રવિર ચાંડાલને ત્યાં વેચાયો ને રાણી તથા રોહિતાશ્વ કાળકૌશિક નામના બ્રાહ્મણને ત્યાં વેચાયાં, રાજા ચાંડાલ પૂંઠે પૂંઠે તેને ઘેર ગયો અને તેણે તેને શ્મશાનની રક્ષા કરવાના કામ માટે નીમ્યો. ચાંડાલનું ઘર, ચાંડાલની રીતભાત કેવી હોય છે, તે જો કોઇએ, સાંપ્રતકાળની, ભંગિયાવાડ કે ચાંમડીઆવાડ, જોઈ હશે તો સહજ અનુમાન થશે. દુઃખે સુખે જેમ તેમ રાજાએ શ્મશાનમાં રહિને દિવસો કાઢવા માંડ્યા. રાજાને આ ઠેકાણે શું ખાવા મળતું તે જરા જોઇએ. પ્રવીરે રાજાને એવો હુકમ કર્યો હતો કે, 'જે જે મડદાં આ શ્મશાનમાં બાળવા માટે આવે તેમની પાસેથી ૧ શેર ચોખા અને અડધો રૂપીઓ લેવો. તેમજ મડદાં ઉપર ઓરાઢેલું લુગડું લેવાનો

પણ આપણુને હક્ક છે, માટે એ લુગડાં પણ લઇને ધોઈ ભેગાં કરજે. તારે ખાવા માટે, જે શેર ચોખા આવે તે ચોખામાંથી અડધા મારે ત્યાં મોકલવા ને બાકીના અડધા રહે તે ત્યાં ઠીકરાં પડ્યાં હોય તેમાં ત્હારે રાંધી ખાવા.'

જે રાજાને ભાવતાં ભોજન મળતાં તેને આજે અરધો શેર ચોખા. અરે, તે કેવી રીત્યે મેળવેલા ખાવાનો વખત આવ્યો છે! તેનો વિચાર વાચકોએજ કરવો. એ સ્મશાનમાં કોઇપણ ઠેકાણે રાત્રે સુઈ રહેવા ઠેકાણું ન્હોતું. ઝાડ નીચે સુઈ રહેવાનું. પથારીનું નામ તે જાણતો હતો પણ તેને પાથરવા તે મળતી ન્હોતી. આસપાસથી માણસનાં મડદાંની દુર્ગંધ તેનું મગજ ફાડી નાંખતું હતું. પણ કરે શું ? ઘણું કષ્ટ વેઠીને તે હવે કઠિન થયો હતો. તોપણ તેને પૂર્વનું સુખ યાદ આવે તે વખત નીચે પ્રમાણે શોક શબ્દ ઉચ્ચારે તો તેમાં તે કંઈ નવાઇ કરતો ન્હોતો.

"અરે દૈવ! મ્હારો આ પણ પૂર્વ જન્મનો સંસ્કાર, હું રાજા મટી એક અધમ ચાંડાલને ત્યાં વેચાયો. અરે, પ્રથમનો મારો આહાર ક્યાં ને આજનો ક્યાં. મારી સ્ત્રીને કેવું દુઃખ હશે. મારો સુકુમાર બાલક શું કરતો હશે. અરે, એને હજુ મેં ધારેલી કેળવણી પણ

આપી નથી. હશે જે નસીબમાં લખ્યું હોય તે ખરૂં. આ સંસાર દુ:ખરૂપ છે એ તદન ખરી વાત છે." સ્વાભાવિક રીત્યે સ્ત્રી કરતાં પુરૂષનું હૃદય દુ:ખને સહન કરવાની શક્તિવાળું હોયછે તેથી રાજા પોતાના મનને વશ રાખતો હતો.

પ્રકરણ ૪ થું.

કાલકૌશિકને ત્યાં દુ:ખ વેઠતાં તારામતિનું રહેવું,–ફુલ તુલસી લેવા જતાં રોહિતને વાડીમાં સર્પનું કરડવું, શબ અગ્નિ સંસ્કાર માટે નમ્ર ભાવે તારામતીનું કાલકૌશિકપ્રતિ વિનવવું,–પુત્ર શબને અગ્નિસંસ્કાર કરવો,–શ્મશાનરક્ષકના જાણવામાં આવવથી મના કરવી,–અર્ધ દગ્ધપુત્ર શબ લઇને તારામતીનું જવું અને ચોકીદારનું જાણવું.

હવે, આપણે જરા તારામતિ તરફ જોઈએ કે તે કેવી સ્થિતિમાં છે. તારામતી રોહિતાશ્વ સહિત કાળકૌશિક વૃદ્ધ બ્રાહ્મણને ત્યાં રોતી રોતી તેની પૂઠે ચાલી અને શોક કરવા લાગી કે, "હે સ્વામિ, હવે તમે મને કયારે મળશો; આ બાલક હજુ ઉચ્ચ કેળવણી પામ્યો નથી. તેનું સારી રીત્યે લાલન-પાલન થયું નથી. એનુ શું થશે? બધુંએ રહ્યું, પણ તમને શું થતું હશે,

તમારી શી વલે, હે પ્રાણનાથ, મેં કંઈ પાપ તો કર્યાંજ હશે. નહિં તો મારે નસીબે આવું દુઃખ હોય નહિં. તમારાથી એક પલ પણ વેગળી ખસી નથી તે હવે તમારા વિના મને શી રીત્યે ગોઠશે? આ બ્રાહ્મણ કોણ જાણે, ક્રોધી દેખાય છે તેથી મને કેટલુંએ દુઃખ-દેશે તે હું જાણી શકતી નથી. આ પણ નશીબનાજ મેળ છે. હે સ્વામિ, તમારા શિવાય મ્હારો જીવ બિજે કંઈ પણ નથી. ગમે તેટલું દુઃખ મને પડજો, પણ તમારૂં તથા આ બાલકનું (એમ કૃહિ તે જે રસ્તે ચાલતો જતો હતો તેને ઉચકીને છાતી સરસો દબાવી) રક્ષણ થઇ સુખી ર્‌હેજો. એટલે મને ઠીક લાગશે. મ્હારો પ્રાણ જાય તો મારી ઇશ્વર પ્રતિ પ્રાર્થના છે કે, આવતા જન્મમાં પણ આપજ પતિ થજો." એમ કૃહિ ધીમે સ્વરે રડે છે. એવામાં બ્રાહ્મણનું ઘર આવી પ્હોંચવાથી તેના ઘરમાં ગઈ. ઘરમાં જેવી ગઈ કે લાગલી તેની એક સ્રીએ તેનું ઘણું અપમાન કર્યું. તેની સાથે હળીમળી ન ચાલતાં આડી રીત્યે દુઃખ દેતી વર્તવા લાગી. દુઃખમાં ઘણી વખત ગજા ઉપરાંત કામ કરતાં થાકી જાય તોપણ તેને "નકામી બેસાડી મુકવા તને લાવ્યા નથી" એમ કૃહિ ઘણા ડુંકરા હુંકારા તેને સંભળાવતી હતી. રાણી છેક

અડધી રાત્રે નવરી થતી. ત્યાં સુધી કંઈ નહિં ને કંઈ કામ તેને બતાવવામાંજ આવતું હતું. રોહિતાશ્વને પણ બેસાડી મુકતી નહોતી. દેવપૂજાની સામગ્રી કરવા માટે તેને સોંપેલું હતું. દરરોજ પાડોશીના છોકરા સાથે વાડીમાં જઇને ફૂલ, તુળશી અને બીલિપત્ર તથા અગ્નિહોત્ર માટે સમિધનાં લાકડાં લાવવાં એ સર્વે તે કરતો હતો. તે સાથે ધોતીયાં ધોઇ લાવતો. એ આખા ગામમાં, ગામને છેવાડે વિશ્વામિત્રની માયાથી વસાવેલું આ બ્રાહ્મણનું ઘર હતું કે જેનું વર્ત્તન નગરના બ્રાહ્મણોથી જૂદાજ પ્રકારનું હતું. બિજા સર્વે બ્રાહ્મણના ઘરથી તેનું ઘર વેગળુ હોવાથી તેના ઘરમાં શું થાય છે તે કોઈ જાણતું નહોતું. તેથી રોહિતાશ્વ તથા તારામતીને આવું દુ:ખ પડતું હતું. આટલું દુ:ખ છતાં વિશ્વામિત્રને ઠીક ન લાગ્યું તેથી બિજા દુ:ખ માટે પ્રયત્ન કર્યો.

એક દિવસ રોહિતાશ્વ પોતાની પાડોશનાં છોકરાસાથે બાગમાં ફૂલ તુળશિ વિગેરે લેવા ગયો. ત્યાં એક મોગરાના છોડ નીચે સાપ હતો. તે જેવો ફૂલ ચુંટીને લેવા જાય છે એટલામાં એ સાપે તેને ડંશ ભર્યો કે તુરત એ બાલક રોહિતાશ્વ મૃત્યુને પામ્યો. વાડીમાં તેના સોબતિયો ફુલ વિણુવા ફરતા હતા. તેમણે ફ-

રતે ફરતે આને જોયો. એટલે ત્યાં તેઓ આસપાસ જોવા લાગ્યા. તેમના જોવામાં એક સાપ ત્યાંજ કોરે છુપાઇ રહેલો જણાયો. તેઓએ ધાર્યું કે, આને સાપેજ ડંશ ભર્યો હશે. તેથી તેઓ સર્વે વીલે મોઢે તેની માને ખબર કૂહિ આવ્યા. આ ખબર સાંભળતાંવાંત જ તારામતી મૂર્છાને પામી ગઇ. ઘડીવાર પછી શુદ્ધિ આવી એટલે ધીમે સ્વરે રૂદન કરતી હતી. કારણ કે, કાળકૌશિક તથા તેની સ્ત્રીની તેને ઘણી બ્હીક હતી કે, રખેને મને ખીજશે. આખરે તેમજ બન્યું. તારામતિ પાસે કાળકૌશિક આવ્યો.

કાળકૌશિકઃ—"કાંરે, તું ઘરનું કામ કરતી નથી ને રડ રડ કરે છે? તને અહિં બેસાડી મુકવા લાવ્યો નથી. ત્હારે ઘરનું કામ ઘણી ઝડપથી અને ચાલાકીથી કરવું પડશે. અરે દાસી, રડવું મુકી દે."

દાસીઃ—"ઉદાર દિલના મહારાજ, આપણા પાડોશીના છોકરા સાથે રોહિત ફુલ તુળશી લેવા બાગમાં ગયો હતો. ત્યાં તેને સાપે કરડવાથી મૃત્યુ પામ્યો છે. એવી ખબર તે છોકરાઓ લાવ્યાછે. તેથી હું રડું છું. જો તમે, મને એક ઘડીની રજા આપો તો ત્યાં જઈ તેના શબને અગ્નિસંસ્કાર કરિ આવું. મહારાજ, મ્હારા પ્રાણ સમાન વ્હાલો પુત્ર, આજે ઓચિંતાનો મૃત્યુ પા-

મ્યો તેથી મને ઘણુંજ રડવું આવે છે."

કાલકૌશિક:—"ત્હારો પુત્ર મૃત્યુ પામ્યો તો શુ થઇ ગયું? તને રજા નહિં મળે. આવું બ્હાનું કાઢી તારે ઘરનું કામ રખડાવવું હશે. રોજ કંઈ નહિં ને કંઇ બ્હાના બતાવીને ઘરનું કામ ધ્યાનં દઈને કરતી નથી. ભોગ ત્હારા. પુત્ર મૃત્યુ પામ્યો તો. હું શું કરૂં ? એટલામાં એની સ્ત્રી આવી તેતો મૂળથીજ દયાહીન-નિર્દય હતી. તેણે તેને ઘણી ગાળો દિધી. એટલુંજ નહિં પણ પુષ્કળ મારીને 'રોજ રડિને ઘરનું કામ ન કરતાં વખત કાઢે છે' એમ બોલી. તે શોકમાં ને શોકમાં ઘરનું કાંમકાજ કરવા લાગી. પુત્ર મૃત્યુથી સૂતક લાગે પણ તે સૂતકી પાસે ઘરનું કામ, વિશ્વામિત્રની માયાનો બ્રાહ્મણ ને તેની સ્ત્રી વિના બિજું કોણ કરાવે ? આવો ને આવો ઝુલુમ વાપરે. રડતી કળ કળતી તારામતી ઘરનું કામ રોજ પ્રમાણે કરીને અડધી રાત્રે પરવારી એટલે, કાળ-કૌશિકે એવી સરતે રજા આપી કે "જેમ બને તેમ તેમ પરોઢિઆમાં આવીને જલદીથી હાજર થવું."

પછી તારામતી પુત્રના શબ સમીપ વાડીમાં આવીને ઝીણે સ્વરે ઘણું રૂદન કરવા લાગી. "બેટા રોહિત, તું મને એકલી મુકીને ક્યાં ગયો? ભાઈ ઊંઘમાંથી તો જાગ્ય, અરે દૈવ, મારા નિરપરાધિ બાળક ઉપર આવો કેર શા

માટે કર્યો? એ હરિશ્ચંદ્ર, આ તમારા પુત્રને જગાડો. આ પુત્ર તમને દરરોજ બાપાજી બાપાજી કૂહિ કાલૂં કાલૂં બોલી દોડીને ગળે વળગી પડતો તેની દશા તો જુવો. (પાસે ભેજ હોવાથી બાળ કીચડથી લપેટાઈ ગયો હતો.) અરે બાલક, ભાઇ, એકવાર બોલને બા. તું કેમ બોલતો નથી" એમ વારંવાર બોલતી અને છેલી વારની બેભાનપણામાં છાતી સરસું એ પુત્ર શબ દાબીને બોકી લેતી "ભાઇ, એકવાર તો બોલ" એમ કહિને અતિ રૂદન કરવા લાગી પણ અફ્સોશ એ સર્વે નકામું હતું. છેવટે ઘણી દિલગીર થઈ "આ બાલકને અગ્નિદાહ કરૂં ને જલદીથી પરવારીને કાળકૌશિકને ત્યાં જાઉં. જો વખત થઇ જશે તો મારા વળી પૂરા ભોગ મળ્યા" આવો વિચાર કરી સ્મશાનમાં આવી. આસપાસથી કાંટા વિગેરેના ઝઇડાં લઇને ત્યાં જે શબ સળગતાં પડ્યાં હતાં તેમાંથી દેવતા લઇ એક મોટી પોક મુકી અગ્નિદાહ કર્યો એટલામાં શ્મશાનરક્ષકે તે પોક સાંભળી.

શ્મશાનરક્ષક:—"અરે તું કોણ છે, આશું કરેછે, કર આપ્યા શિવાય આ શબને તેં અગ્નિ સંસ્કાર કેમ કર્યો, લાવ્ય કર"

રાણી:—"આ મ્હારા પુત્રને નાગે ડંશ ભર્યાથી તે મરણ પામ્યો છે. હું દુખિઆરી નિર્ધન છું. કોઈપણ રી-

ત્યે હું કર આપી શકું તેમ નથી. મને હેરાન ન કરતા મારા પુત્રને સારી પેઠે અગ્નિદાહ કરવા ઘો"

શ્મશાનરક્ષક:—"અરે ઓ ભલી બાઇ, મારા ધણીએ મને વગર કર લીધે કોઇના પ્રેતને દહન કરવાની મના કરી છે માટે તું ગમે તેમ કરય્, પણ કર આપ્યા શિવાય પ્રેત દહન ન્હિંજ થઈ શકે. મારે મારા ધણીની આજ્ઞા માનવી જોઇએ. માટે તુ આ અર્ધદગ્ધશબને લઈ જતી રહે. હું તને અર્ધ દગ્ધશબને લઈ જવા ન દેત પણ હું ઊંઘતો હતો તેવામાં અર્ધ રાત્રે તું આવીને છાની રીત્યે, પોક મુકી અગ્નિ સંસ્કાર કરવા લાગી ને અગ્નિ સંસ્કાર થયા પછી મ્હારા જાણવામાં આવ્યું તેથી મારી ભૂલ થઈ માટે એ ભૂલનો લાભ હું તને આપું છું અને વગર કર લીધે તને અહિંથી જવા દઉ છું એજ મેં ત્હારા પર કૃપા કરી છે સમજજે. ચાલ્ય્, પ્રેત લઈ લે"

રાણી (કંઈપણ બોલવા ધારતી ન્હોતી પણ) ફરીવાર નમ્ર વિનંતી કરવાને ધારી ઘણા કાલાવાલા કર્યા. પણ જેનો નિશ્ચય ફરે તેવો નથી એવા **શ્મશાનરક્ષકે** છોપ્પીના ના કહિ. તે સાંભળીને રાણીને ઘણું લાગી આવ્યું તેથી તે ત્યાંનેત્યાં પોકે પોકે, "હે બાલક, તુ ક્યાં નાશી ગયો રે" એમ વિવિધ શોકના ઉદ્ગાર કા-

ઢીને રડવા લાગી. અરે ભાઇ રોહિત, તું એક વખત મારી સાથે વાત કરય્,જો તારા પિતા હરિશ્ચંદ્ર આ વખતે હોત તો તારી આવી દશા થાત નહિ" આમ બોલી ત્યારે **શ્મ**શાનરક્ષકે જાણ્યું કે આ મારી સ્ત્રી છે. અને આ શબ તે મારો પુત્ર રોહિતાશ્વ છે. રાજાને ઘણો શોક થયો. તે પણ છાનો રડી પડ્યો. (મનમાં) "અરે આ મ્હારી આવી શી અવદશા? પ્રાણથી અધિક વ્હાલી આ મ્હારી સ્ત્રી આ ભયંકર શ્મશાનમાં શોક કરતી પુત્રના શબને લઈ આવી છે. અરે હાય, મારો જીવ જાય તો સારૂં. મ્હારાથી આ દુઃખ દેખીને તે સહન થઈ શકતું નથી. હે ઈશ્વર, તું જે કરે તે ખરૂ".

શ્મશાનરક્ષક:—"હે સુંદરી, તું ક્યાં રહેછે અને આ પુત્ર શાથી મૃત્યુને પામ્યો ?"

રાણી:—"હું આ નગરના કાળકૌશિક બ્રાહ્મણને ત્યાં રહુંછું. આ મ્હારો પુત્ર રોહિત કે જે સત્યવાદી હરિશ્ચંદ્રનો પુત્ર છે તે વાડીમાં ફુલતુળશી લેવા ગયોહતો. તેને ત્યાં નાગે ડંશ ભરવાથી મરી ગયો છે. હું એની મા છું. રાજા હરિશ્ચંદ્ર કાલયોગે ક્યાં હશે તે મને ખબર નથી. જો તે આવે વખતે મારી સંભાળ લેવા પાસે હોય તો મને આ દુઃખમાં ધીરજ મળ્યા જેવું થાય. મને એ કાળકૌશિક બ્રાહ્મણ અને તેની સ્ત્રી હદ ઉપરાંત દુઃખ

દે છે. મેં તેમની પાસે, વખતસર પુત્ર મરણની ખબર સાંભળી હતી ને તેના અગ્નિ સંસ્કાર માટે બે ઘડીની રજા માંગી પણ એ બ્રાહ્મણ તથા તેની સ્ત્રીએ મારી સાથે ઘણી કઠોર ભાષામાં બોલીને મને ઘરનું કામકાજ કરવા કહ્યું અને તેની સ્ત્રીએ તો ઘણો માર માર્યો. મારા દુઃખનો પાર નથી. અડધી રાત્રે જ્યારે મેં ઘણી દીનતાથી કહ્યું ત્યારે પરોઢિયામાં જલદી આવવાને સરતે મને જવા દિધી. તેથી હું આવી અંધારી રાતની દરકાર ન કરતાં અહિં પુત્ર શબના અગ્નિસંસ્કાર માટે આવી છું અને તમે કર આપીને અગ્નિદાહ કરવા કહ્યું. તમેજ વિચાર કરો કે, મારી પાસે કર આપવા દ્રવ્ય ક્યાંથી હોય? મ્હારી કરમ કથા ઘણી લાંબી છે. માટે તમે જો કૃપા કરો તો ઠીક.” રાજા દિલગિર થઇ છાનો રહ્યો.

શ્મશાન:—“બાઈ, ત્હારૂં દુઃખ જોઈને મને ઘણું રડવું આવે છે પણ મારે મારા ધણીનું વચન માનવું જોઈએ માટે કર આપ્યા વિના તો કોટિ ઉપાયે ત્હારા પુત્રના શબને અગ્નિદાહ થઈશકશે નહિં. માટે એ શબને તું લઈને અહિંથી ચાલતી થા.” એટલે રાણી એ અર્ધદગ્ધ શબને લઈ ચાલતી થઈ. ગામની પાસે લગભગ આવી પહોંચી ને પાછું હૈયું ભરાઈ આવવાથી મોઢેથી રડવા લાગી. તેનું રડવું સાંભળીને આસપાસના ચો-

કીદારો આ શું કૌતુક છે અને આટલી રાત્રી સ્ત્રી જેવું કોણ રડેછે તે જોવા માટે આવ્યા.

પ્રકરણ ૫ મું.

રાક્ષસી જાણી રાણીને વધ કરવા ચાંડાલને સોંપવું,-ચાંડાલે રાક્ષસી જાણી શ્મશાનરક્ષક-હરિશ્ચંદ્રને તેનો વધ કરવા કહેવું,-રાજા અને રાણીનું પરસ્પર ઓળખાવું,-પુત્ર શબને દહન કરવા ચિતાનું ખડકવું-રાજા અને રાણીએ ચિતામા બળિ જવા કરેલો વિચાર છેવટે કરેલી ઇશ્વર પ્રાર્થના,-પ્રત્યક્ષ વિષ્ણુના દર્શન, ઇંદ્રપ્રતિ વિનંતી,-હરિશ્ચંદ્રનું સંપૂર્ણ સત્યવાદી ઠરવું,-નગરજનો સહિત હરિશ્ચંદ્રનું સ્વર્ગે જવું.

ચોકીદારઃ—"બાઈ, તું કોણ છે અને આટલી રાત્રે કેમ રડે છે?" એમ બે ત્રણ વાર પૂછ્યું તોપણ તે બોલી શકી નહિ તેથી ચોકીદારોના મનમાં વ્હેમ આવ્યો અને ફરીને પૂછ્યું.

રાણીઃ—"ભાઇ, હું માણસ છું. મારો દિકરો સાપ કરડવાથી મરી ગયો છે તેથી રડું છું." તેઓમાંથી કેટલાક ચોકીવાળા પાસે આવીને જુવે છે તો તેના ખોળામાં અડધો બળ્યો એક છોકરો જોયો. તે જોઇ કેટલાક ગભરાઈ ગયા. કેટલાક નાશી ગયા. પણ જે હિમ્મ-

ત વાળા હતા તે પાસે પણ જરા વેગળા ઉભા રહ્યા. તેઓ માંહોમાંહે બોલવા લાગ્યો કે "બિજે ત્રિજે આપણા નગરમાંથી છોકરાં ખોવાય છે તેનો પત્તો લાગ્યો. આ ખરેખર કોઇ જક્ષણી દેખાય છે. તે જુઓ, અડધા બળેલા શબને પણ છોડતી નથી ને કૂહેછે કે" હું માણુસ છું, પણ એતો ખરેખાત જક્ષણીજ છે. માટે ચાલો પકડીને ચાંડાલને ત્યાં તેનો વધ કરીને નાશ કરવા સોંપી આવીએ." એમ કૃહિ તેને પકડીને ચાંડાલ કે જે ઊંઘતો હતો તેને જગાડી આ સર્વે હકીકત કૃહિને રાણીને સોંપી આવ્યા.

ચાંડાલ કૃહેછે:—"ઠીક થયું. આજ ઘણે દિવસે હાથ લાગી. રોજ છોકરાં મારી ખાધાં તે ઠીક લાગ્યું ને આજ પકડાઈ ત્યારે કેમ રડે છે" એમ બોલી વેગળેથી ઢેકાળા માર્યા. નિર્દોષ રાણીને ઘણું વાગ્યું પણ શું કરે? રાત હજુ થોડી હતી. દુઃખમાં દટાઈ ગઇ હતી. તે સાથે "જો પરોઢિયામાં કાળકૌશિકને ત્યાં નહિં જવાય તો......" એવું યાદ આવતાં ઘણું રૂદન કરવા લાગી.

વ્હાણું વાવા આવ્યું હતું. બરોબર વ્હાણું વાયું એટલે એ ચાંડાલે શ્મશાનરક્ષકને બોલાવવા મોકલ્યો. ધણીનો હુકમ માથે ચઢાવી તે આવ્યો તેને જોઈ,

ચાંડાલ:—"હે સ્વધર્મને પાળનાર દાસ, આ લોક પ-

સિદ્ધ રાક્ષસી છે. તે બિજે ત્રિજે ગામમાંથી લોકોના બાળકોને ખેંચી જઈ મારી ખાય છે. જો આ, કોઈનો છોકરો ખેંચી લાવી છે. માટે તને એટલાજ માટે બોલાવ્યો છે (તરવાર બતાવીને) આ તેજદાર તરવારથી એનું માથું ઉરાડી દઈને એના અંગના નાના નાના કટકા કરી નાંખ્ય્ કે જેથી લોકોને પીડા થતી મટે. એ ઘણે દિવસે આજ હાથ આવી છે.” શ્મશાનરક્ષક પાસે જઇને જુવે છે તો તે પોતાની સ્ત્રીજ માલુ પડી. અને તેને પાછું, દુઃખ સાંભરી આવ્યું. અને કોઈ જાણે નહિં એમ સહજ રડિ પડ્યો.

તે ચાંડાલ પાસે આવીને બોલ્યો કે,“મ્હારાથી સ્ત્રીનો વધતો નહિં થાય. કારણ કે, શાસ્ત્રમાં સ્ત્રીવધ મોટું પાપ ગણેલું છે. ગમે તેમ કરીને સ્ત્રીનું રક્ષણ કરવું પણ સ્ત્રીનો નાશ કરવો નહિં એવું વચન છે માટે એ કામ મને સોંપશો નહિં”

ચાંડાલ—“અરે દાસ, તું મ્હારે ત્યાં વેચાયો ત્યારથીજ ધર્મ અધર્મ તારે જોવાનું રહ્યું નથી. એ મ્હારે જોવાનું છે. તું મ્હારા હુકમ પ્રમાણે કરીશતોજ તું મ્હારો ખરો દાસ કહેવાઇશ. જે માણસ પારકો દાસ થઈ ધણી જે કામ બતાવે તે (પછી ગમેતેવું શાસ્ત્રથી વિરૂદ્ધ હોય, ગમે તેવું ખરાબ હોય તોપણ) તેની આજ્ઞાને માથે

ચઢાવી કરવુંજ જોઈએ. જો મ્હારૂં કહ્યું નહિં માને તો, તું ખચીત આ લોકમાં, દાસપણાના ધર્મથી ભ્રષ્ટ થયેલો ગણાઇને મોટી નિંદાને પાત્ર થઇશ. માટેહે કહ્યું માનવામાં આનાકાની કરનાર દાસ, જલદી મારા હુકમને માની આ રાક્ષસીનો વધ કરચ્."

રાણી:—"હે ચાંડાલ, હું રાક્ષસી નથી પણ માનવી છું. આ મારો પુત્ર સર્પડંશથી મરી ગયો છે. જો તારે મને મારી નંખાવવી હોય તો મારે મરણનો ભય નથી. હું મૂળથી દુ:ખ ભોગવું છું તે છુટીશ, પણ આ મારા પ્રિય પુત્રને અગ્નિદાહ કરવા દે, પછી ત્હારે જેમ કરવું હોય તેમ કરજે."

ચાંડાલ:—"ઠીક ત્યારે, તારા પુત્રને અગ્નિ સંસ્કાર કરચ્" શ્મશાનરક્ષકને આજ્ઞા કરી કે, "આને તેના પુત્રનો અગ્નિ સંસ્કાર કર્યા પછી મારી નાંખજે."

રાજા મનમાં ઘણો ખેદ પામી એક કોરે રૂહિને છાનોમાનો પોતાના દિકરાની આવી દુર્દશા જોઇ રડે છે. આણી તરફ રાણી લાકડાં વિગેરે ભેગાં કરીને પુત્રના શબદહન માટે ચિતા ખડકે છે. ચિતા ખડકાયા પછી રાણી પોતાના પ્રિય પુત્રને એકવાર છાતી સરસો ચાંપીને બોકી લેતી બોર બોર જેવડાં આસુથી વિલાપ કરતી રડીને પુત્રના શબને ચિતા ઉપર મુકે છે. તેવામાં

રાજા કે જે સ્મશાન રક્ષકના વેશમાં છે, જેણે રાણીને ઓળખી છે પણ રાણીએ જેને ઓળખ્યો નથી એવી રાણી કલ્પાંત કરતી અગ્નિ પ્રકટાવવા પ્રયત્ન કરતી જોઇ તે ત્યાં ગયો. રાજાએ રાણીને પોતાની ઓળખ આપીને છેવટ પોતાના પ્રાણ સમાન વ્હાલી સ્ત્રીને મળ્યો. તેમજ પુત્રના શબને પણ તેણે હૈયા સરશું ચાંપ્યું બોકી કરી. પછી એ દંપતિએ પરમેશ્વરની પ્રાર્થના કરી એટલે–સાક્ષાત્ વિષ્ણુએ બિજા દેવો સહિત આવીને કહ્યું કે, "હે સત્યવાદી ધૈર્યવાન્ હરિશ્ચંદ્ર, કંઈ સાહસ કરશો નહિં. આણી તરફ જુવો; આ ધર્મરાજા છે, આ ઈંદ્ર છે, આ પ્રત્યક્ષ બ્રહ્માજી છે. આ લોકપાળ છે, આ મહાદેવ છે, આ અશ્વિનિકુમાર છે, આ વિશ્વામિત્ર છે અને વસિષ્ટ છે. એ સર્વે તમારી સત્ય પાળવાની દ્રઢ પ્રતિજ્ઞા જોઇ આટલું બધું દુઃખ પડ્યા છતાં તમારામાંથી કોઈપણ ડર્યા કે ડગ્યા નથી અને બરોબર સત્ય પાળ્યું છે તેથી પ્રસન્ન થયા છે. તે સર્વે તમોને સ્વર્ગ લોકમાં રાખવા ધારે છે, માટે ચાલો સ્વર્ગ લોકમાં." એવામાં ઈંદ્રે, રોહિતાશ્વના મૃત શરીર ઉપર મંત્ર ભણી પાણી છાંટયું અને અમૃત નામક ઔષધી મુખમાં મુકી એટલે તે બર નિદ્રામાંથી જાણે ઉઠતો હોય તેમ ઉઠીને બોલ્યો કે "અહ્પા શું તમે મને

ફુલ નહિં વિણવા દ્યો કે ?" ને જુવે છે તો અહિં વા-ડી કે બીજું કંઈ નથી પણ પોતાના માબાપ અને દે-વોને જોયા. હરિશ્ચંદ્ર તથા તારામતિયે તેને સર્વ દેવને પ્રણામ કરવા કહ્યું. દેવે આશિર્વાદ દિધો. પ્રથમના જેવાં તે સર્વેનાં દિવ્ય શરીર તથા વસ્ત્ર ને અલંકારથી યુક્ત થયા.

રાજા હરિશ્ચંદ્રઃ—"મારા શેઠ પ્રવીરની આજ્ઞા શિ-વાય મ્હારાથી અહિંથી એક ડગલું પણ ભરાય તેમ નથી. જેણે આજ દિન સુધી મારૂં પોષણ કર્યું તેની આ-જ્ઞા જો હું ન લઉં અને તેની ઈચ્છા વગર આવું તો હું ધણીની આજ્ઞાને ઉલ્લંધન કરનારના અપવાદમાં આવું, માટે મ્હારે તેની આજ્ઞા જરૂર જોઈએ."

ઇંદ્રઃ—"હે સત્યવાદી હરિશ્ચંદ્ર, એ સર્વ વિશ્વામિ-ત્રની માયાથી–અને તપોબળથી થયેલું હતું. તે સર્વ હવે ઠેકાણે થઈ ગયું. રાજસૂય યજ્ઞમાં સારી પૂજાને પામેલા વસિષ્ટમુની મારા ધામમાં આવ્યા અને સત્યવાદી પણા-ની વાત નિકળતાં તમારા વખાણ ર્ક્યા, તેથી પરસ્પર-માં હોડ પડી; એક કહે કે તમે સત્યવાદી નથી ને એક કહે કે સત્યવાદી છો. તેથી જેનું ખરૂં પડે તે પોતાના જ-ન્મભરના તપને પણમાં મુકે. આવી પ્રતિજ્ઞા કરીને વિ-શ્વામિત્રે તમારા સત્યની પોતાના તપોબળથી લીલા કરીને

પરીક્ષા કરી છે. તેમાં તમે છેવટ સુધી સત્યને આસ્થા પૂર્વક સાચવ્યું છે, તેથી સર્વે ખુશી થયા છે. હવે એ સર્વે તમારી મિત્રતા ઈચ્છે છે. માટે મ્હારૂં કહ્યું માનીને સ્વર્ગમાં ચાલો."

સત્યવાદી હરિશ્ચંદ્ર:—"હે મોટા મન વાળા ઇંદ્ર, આપ કૃપા કરી મ્હારી એક વાત સાંભળો. અયોધ્યાના લોકો મારા વિના તલસે છે. તેમના શોકને, અયોધ્યામાં જઈને મારે ટાળવો જોઇએ. તેમના વિના હું એકલો સ્વર્ગમાં આવું તે સારૂં નહિં—તેમ કરવાનો મ્હારો ધર્મ પણ નથી. માટે તમો સર્વેને પ્રણામ કરીને કહું છું કે, કૃપા કરી પાછા પધારો."

ઇંદ્ર:—"લોકોના પાપ–પુણ્ય તેમની તેમની ક્રિયા પ્રમાણે જૂદાં જૂદાં છે તે કેમ સ્વર્ગ સુખને સંભવે ?"

સત્યવાદી હરિશ્ચંદ્ર:—"રાજા વડે પ્રજા છે અને પ્રજા વડે રાજા છે. રાજાનું પુણ્ય પ્રજાને મળે છે, અને પ્રજાના પુણ્યથી સારી પેઠે રાજા રાજ્ય કરે છે. તેમના પરિશ્રમથી રળેલા પૈસાથી રાજ્યનું સર્વ કાંઈ ચાલે છે. કદાચ પ્રજાનાં જૂદાં જૂદાં પુણ્યને–પાપ હોય તો પણ રાજાનો પુણ્ય પ્રતાપ તેને મેળવો ઘટેછે તેથી હું એકલો આવું તે સારૂં નહિં."

ઇંદ્રિ તથા બિજા દેવો:—"તમારી સત્યપ્રતિ પ્રીતિ

અને અનેક સદ્‌ગુણો જોતાં તમારી ઈચ્છા પ્રમાણે થશે” એટલે રાજા તેની સ્ત્રી અને પુત્ર, તથા ઈંદ્ર સહિત સર્વ દેવ કાશીમાંથી અયોધ્યામાં ગયા. ઘણે કાળે પોતાના રાજા-રાણી અને પુત્ર તથા મનુષ્યદેહને જેના દર્શન દુર્લભ એવા દેવનાં દર્શન કરીને નગરજનો ખુશી થયા અને મોટો ઉત્સવ કર્યો. રાજાએ સર્વે નગર જનોને બોલાવીને કહ્યું કે, “મનુષ્યદેહને દુર્લભ એવા સ્વર્ગલોકમાં મારા નગરજનો સહિત જવાનો લાભ મળ્યોછે માટે જેમને અમારી સાથે આવવું હોય તેમણે તૈયાર થવું.” પછી, મનુષ્યને દુર્લભ એવા સ્વર્ગલોકમાં જેમને જવાની ઇચ્છા હતી તેઓ પોત પોતાના દિકરાઓને પોતાના સાંસારિક, વ્યાવહારિક આદિ સર્વ કાર્યોને સોંપી સદેહે સ્વર્ગ સુખ ભોગવવા તૈયાર થયા.

રાજા પણ પોતા પુત્ર રોહિતાશ્વને રાજગાદીનો અભિશેક કરીને પૂરો રાજા ઠરાવી પોતાની પેઠે ચાલવાનો ઘણો સારો ઉપદેશ આપી, દેવ, નગરજનો અને તારામતિ સહિત સ્વર્ગે સિધાવ્યો. એ રાજાએ પરમ ઉત્સાહ અને આનંદથી પ્રજાનું પાલન કરી સાઠ હજાર વર્ષ રાજ્યવૈભવ ભોગવીને સ્વર્ગે સિધાવ્યો હતો.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

મુંબાઈઃ—રા. રા. પંડિત જયેષ્ટારામ મુકુંદજી, તેલવાડી પાસે, કાળકાદેવી રોડ.

અમદાવાદઃ—મેસરસ દ્વારકાંદાસ મો. ની કંપની.

સૂચના.

	રૂ. આ. પૈ.
શંકરદિગ્વિજય શ્લોક સાથે ભા૦	૪—૫—૦
વૈદ્યજીવન શ્લોક સાથે ભા૦ બીજી આ૦ છપાયછે.	
બાળકેળવણીરીતિ.	૦—૧૩—૦
સુબોધચંદ્રિકા.	૦—૯—૦
કાવ્યમાલા.	૦—૯—૦
મધુપદ્દુત	૦—૯—૦
નાડીજ્ઞાન ભાષાંતર.	૦—૯—૦
સભ્યાસભ્ય વિચાર નિર્ણય	૦—૩—૦
વિમાન (વિદ્યાનો સચિત્ર ગ્રંથ.)	૦—૫—૦
કવિરવિ.	૦—૨—૦
ચર્ચાસુધાકર	૦—૨—૦
દમયંતિ.	૦—૨—૬
મહારાજા હરિશ્ચંદ્ર.	૦—૨—૦

યોગશાસ્ત્ર છપાયછે.

શઠસુધારકો (સુજ્ઞ સુધારકોને મુફત.)

સરનામુ—કૃ. ગો. દેવાશ્રયી.
અમદાવાદ ને ખેડા.